# પ્રેમ ધ્વનિ

(પ્રેમચાલીસા-સમજપૂર્તિ-ભજનો)



પ.પૂ. રંગ અવધૂત મહારાજના ચરણના નખ લેતા મુ. બચુભાઈ

| જન્મ તારીખ | બ્રહ્મલીન તારીખ |
| --- | --- |
| તા. ૧૩-૯-૧૯૩૧ | તા. ૦૪-૦૨-૨૦૧૨ |

ગુરુસેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,
ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,
ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી,
ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# બાપુજી! આપ ક્યાં છો?
## (વિરહ ગીત)

હું શોધી રહ્યો બાપુજી આપનું ઠેકાણું,
મારે ગાવું રહ્યું આજ હવે દુઃખનું ગાણું. .હું શોધી.

તું પ્રેમનો સાગર પછી કઠોર કેમ થયો?
તું મૂર્તિ કરુણાની તો નઠોર કેમ થયો?
શાં વાંક, ગુના, ભૂલ મારા, ના સમજાણું. .હું શોધી.

તેં વ્હાલ કર્યું સૌને સદા, રાજી તેં કર્યા,
કડવું ન કીધું વેણ, સૌના મન ઠર્યા,
અંતે જીવ્યો તું એકલો, બન્યું ઉખાણું. .હું શોધી.

પ્રીત તિહાં પડદો નહિ, પડદો ત્યાં નહીં પ્રીત,
પ્રીત કરી પડદો કરે, એ દુશ્મનની રીત,
મારી કટારી પ્રેમની તોયે વખાણું. .હું શોધી.

જ્યાં હોવ ત્યાંથી બોલો બાપુજી! ગમતું નથી કાંઈ,
બેઠો છું બેટા દિલમાં તારા બોલ્યા બચુભાઈ,
પાપી ગણનું આજ રે હૈયું હરખાણું. .હું શોધી.

તા. ૪-૩-૨૦૧૨ પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

લેખક : પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ.

પ્રકાશક : શ્રી હર્ષલ કુલીન ઉપાધ્યાય
દમામ (સાઉદી અરેબીઆ).

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક આર. ઉપાધ્યાય
“રાહ-રંગપ્રેમની”
આણંદ.
(મો.) ૯૮૨૫૨ ૯૪૦૦૪
www.rrpnwebsol.com

મુદ્રક : અજય ઑફસેટ
બારડોલપુરા, અમદાવાદ.
(મો.) ૯૮૨૫૪ ૭૭૭૪૫

આવૃત્તિ : પ્રથમ
તા. ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૩

પૂ. પ્રેમ અવધૂતજી પ્રથમ પુણ્યતારીખ

પ્રત : ૧૦૦૦

દસ રૂપિયા

# નિવેદન

પૂ. પ્રેમ અવધૂતજી પરદેશના પહેલા પ્રવાસથી પાછા ફર્યા ત્યારે ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ એમની તારીખ પ્રમાણે ૫૯મી પ્રેમજયંતી અમદાવાદમાં ગોકુલ સોસાયટીમાં ઉજવાયેલી ત્યારે પ્રશસ્તિરૂપે આ પ્રેમચાલીસા રજૂ કરેલી. આ ચાલીસા સાંભળીને પૂ. પ્રેમ અવધૂતજીની આંખમાંથી હર્ષનાં શ્રાવણ-ભાદરવો વહ્યાં, પરંતુ એમની હાજરીમાં આ પ્રેમચાલીસા નહિ ગવાય એની એમણે કાળજી લીધી.

૪થી ફેબ્રુઆરી, ૨૦૧૨ ને શનિવારના રોજ પૂ. પ્રેમ અવધૂતજી બ્રહ્મલીન થયા પછી હવે મોટા ભાગના પરિવારોમાં પ્રેમચાલીસા ગવાય છે. આ પ્રેમચાલીસા એ પૂ. પ્રેમ અવધૂતજી - મુ. બચુભાઈની પ્રશસ્તિ કરતું સ્તોત્ર નથી, પરંતુ એમની સેવાવૃત્તિ અને સાત્ત્વિકવૃત્તિની પ્રશસ્તિ કરતું સ્તોત્ર છે.

કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા ।

સેવારૂપી કલ્પલતાથી શું ન મળે? આવી સેવાની વૃત્તિ, સરળતાની અને પ્રેમની વૃત્તિ આપણામાં વિકસે એ હેતુથી પ્રેમચાલીસાનું ગાન કરવાનું છે.

આ પ્રેમચાલીસા જે પ્રસંગોને આવરી લે છે, એ પ્રસંગોની બધાને જાણકારી નથી એટલે કેટલીક પંક્તિઓ પાછળ રહેલા પ્રસંગોની ટૂંકી અને સાચી સમજ અપાય એ ઈચ્છનીય જણાયું. તારીખ પ્રમાણે પૂ. પ્રેમ અવધૂતજીને બ્રહ્મલીન થયાને વર્ષ પૂરું

થાય છે ત્યારે પ્રેમચાલીસા, એની સમજપૂર્તિ અને થોડાં પ્રશસ્તિ કાવ્યો-ભજનો ઉમેરીને આ 'પ્રેમદવનિ'નું પ્રકાશન કરવાનું ઉચિત જણાયું. પ્રેમનો દવનિ આપણા જીવનમાં સદાયે ગૂંજ્યા કરો એવી પ્રભુને પ્રાર્થના.

આ પુસ્તિકા આપણને પણ પૂ. પ્રેમ અવધૂતજીના પંથે જવામાં મદદરૂપ બને એવી અભિલાષા સાથે પ્રકાશિત થઈ રહી છે.

અમદાવાદના મુ. લીલાબા મદનલાલ મહેતા આ પ્રેમચાલીસાનું અનુષ્ઠાન કરતા હતાં એ વાત પૂ. પ્રેમ અવધૂતજીએ મને જણાવેલી ત્યારે આ સ્તોત્રનો એમણે સ્વીકાર કર્યો છે એવું મને લાગ્યું.

પ્રેમ-પ્રેમીને આ પ્રયાસ પસંદ પડશે તો મારી મહેનત સાર્થક થયેલી માનીશ.

ભગવાન રંગાવધૂતજીની કૃપા અને પૂ. પ્રેમાવધૂતજીના આશીર્વાદ આપણા સહુ પર ઊતરો.

અમદાવાદ
૧-૨-૨૦૧૩
૯૮૨૪૫૦૪૨૦૬

**કુલીન ગ. ઉપાધ્યાય**

* * *



પ.પૂ. રંગ અવધૂત મહારાજ (નારેશ્વર)

# આંખ મળીને હૈયું ખોયું

**આ ફોટામાં પૂ. બાપજીની આંખ જોઈને એમના પ્રથમ દર્શન કરવા સંવત ૨૦૦૬, ચૈત્ર સુદ પાંચમ ને શુક્રવાર તા. ૨૪ માર્ચ, ૧૯૫૦ના રોજ મુ. બચુભાઈ નારેશ્વર ગયા હતા.**



## પૂ. પ્રેમ અવધૂત (લીંચ)

| જન્મઃ | બ્રહ્મલીનઃ |
|---|---|
| ભા.સુ. ૧, ૧૯૮૭ | મહા સુદ ૧૨, ૨૦૬૮ |
| તા. ૧૩-૯-૧૯૩૧ | તા. ૦૪-૦૨-૨૦૧૨ |

નિર્મળ હૈયું, નિર્મળ વાણી,
નયને પ્રેમ તણી સરવાણી,
વિચાર ઊંચા, જીવન સાદું,
એવું જીવે સાચો સાધુ.

# પ્રેમચાલીસા

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ**.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે [1]લઘુતા ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
"કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે."
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.૧૦.
સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.

---

૧. નાનું, બચુ.

રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, **પ્રેમ, કૃપા, શાંતિ** જ જણાએ.
"લીંચ જાણ મીની નારેશ્વર", એવું બોલ્યા રંગ ગુરુવર.
'દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં' એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી. ૨૦.
મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, [૧]સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, 'લીંચ જરૂર આવીશ' એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
"આવીશ કહીને કેમ ન આવ્યા?" બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.[૨]
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે. ૩૦.

---

૧. પક્ષી ઈંડુ સેવે તેમ. ૨. કારણ કે જન દૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.

રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
**રંગ-કૃપા-શાંતિ**નો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, **હીર-ઋજુલ**ને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું. ૪૦.

**ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,**
**ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.**

**યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,**
**નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્‌ગુરુ રંગકી જય.**

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

* * *

# પ્રેમચાલીસાની પૂર્વભૂમિકા

સને ૧૯૮૧માં જ્યારે મુ. બચુભાઈ રાવલને ૫૦ વર્ષ પૂરા થયાં ત્યારે નારેશ્વરથી ત્યારનાં મેનેજિંગ ટ્રસ્ટી મુ. જયંતીભાઈ આચાર્ય, સર્વ ધર્મ-કર્મ-આચાર્ય શ્રી સર્વદમનભાઈ અને ત્યારના પૂજાધિકારી મુ. ડૉ. રતિલાલભાઈ પંડ્યા લીંચ ગયા અને બચુભાઈ કે જેમનું મૂળ નામ પ્રેમશંકર હતું તેમને પ્રેમ અવધૂતજીનાં નવા નામાભિધાનથી નવાજ્યા. ત્યાર પછી ધીરે ધીરે રંગ પરિવારમાં તેઓશ્રી પ્રેમ અવધૂતજીના નામે જાણીતા થયા.

સને ૧૯૮૯માં મુ. દિનેશભાઈ દવેના આમંત્રણને માન આપીને તેઓ સૌ પ્રથમ અમેરિકાના શિકાગો શહેરમાં ગયા. સાથે ડૉ. ઈન્દુભાઈ દવે અને અ.સૌ. પન્નાબહેન દવે હતા. ભાદરવા સુદ ૧ ના રોજ ત્યાં એમની ૫૯મી જન્મજયંતી ઊજવાઈ. મુ. દિનેશભાઈનો અંતરનો ભાવ અને શિકાગોના ભક્તોની શિસ્ત સંતને સ્પર્શી ગઈ.

જન્મજયંતી ઊજવ્યા બાદ પૂ. પ્રેમ અવધૂતજી તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદ આવ્યા. જે યોગાનુયોગ એમની જન્મતારીખ હતી. ઉસ્માનપુરામાં ગોકુલ સોસાયટીમાં રહેતા શ્રી સુભાષભાઈ જોષીએ આ પર્વ નિમિત્તે પાદુકા-પૂજન રાખ્યું હતું. પૂ.બાપજીની પ્રેરણાથી પૂ. પ્રેમ અવધૂતજી વિશે ભજન રચવાને બદલે હનુમાનચાલીસા જેવું પ્રેમચાલીસા સ્તોત્ર રચવાનું

વિચાર્યું. મુ. રતિલાલકાકાની સંમતિ લીધી. એમના માર્ગદર્શન હેઠળ ચાલીસ લીટીનું સ્તોત્ર રચાયું.

પાદુકાપૂજનમાં દત્તબાવની થયા પછી, પરંતુ આરતી થતા પહેલાં પ્રશસ્તિનો કાર્યક્રમ હતો. પ્રવચન, સંસ્કૃત સ્તોત્ર થયા પછી મેં પ્રેમચાલીસા ગાઈ. પૂ. પ્રેમ અવધૂતજીની આંખોમાંથી હર્ષની અશ્રુધારા વહેવા લાગી.

બસ! પછી ધીરે ધીરે પરિવારમાં પ્રેમચાલીસા ગવાવા માંડી. આ સ્તોત્રમાં આવતી કેટલીક વિગતો પ્રેમભક્તો જાણે તો સારુ, એ ઈચ્છાથી આ પ્રસંગપૂર્તિનું પ્રકાશન કરવાનું વિચાર્યું.

## સાખી

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ.**

પ.પૂ. રંગ અવધૂત ગુરુમહારાજ એ પરબ્રહ્મનું મૂર્ત સ્વરૂપ હોવાથી પરબ્રહ્મના લક્ષણોથી શરૂઆત કરી. પરબ્રહ્મ એક, અખંડ, અનંત અને સત્, ચિત્, આનંદ સ્વરૂપ છે. આ પરબ્રહ્મ પરમાત્મા જગતમાં રંગનું રૂપ લઈને પ્રગટ થયાં. આવા રંગ અવધૂત મહારાજના સ્મરણ અને સેવાની જેણે ધૂણી ધખાવી તેવા શ્રી પ્રેમ અવધૂત ગુરુના અને રંગગુરુના ચરણકમળમાં વંદન કરું છું.

પ્રેમચાલીસા એ પ્રેમ અવધૂતજીની નહિ પરંતુ એમની સેવા કરવાની વૃત્તિ અને સૂઝ-સમજની પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિ પાછળનો હેતુ ગુરુની સેવા કેવી રીતે કરવી જોઈએ અને ગુરુને પ્રસન્ન રાખવા જીવનવ્યવહાર કેવો બનાવવો જોઈએ એ સૂચવવાનો છે. ગુરુની સેવા કરવાની પદ્ધતિને જે જાણી લે છે તે બધું જ પામી લે છે. પૂ. બાપજી લખે છે કેઃ

ગુરુસેવાપદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,
મંત્ર તંત્ર કિંકર સહુ ન રહે કાંઈ ખેદ. (શ્રીગુ. અ. ૭૦ દો. ૩૯)

આ પ્રેમચાલીસાની કેટલીક પંક્તિઓ કે જેમની પાછળ પ્રસંગ રહેલા છે, તે જોઈએ.

## તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.

પૂ. પ્રેમ અવધૂતજીના પિતાશ્રીનું નામ કૃપાશંકર. માતાશ્રીનું નામ શાંતાબહેન. નથુરામ સાંકળેશ્વર રાવલને ત્રણ દીકરા. મોટા દીકરાનું નામ ગીરધરલાલ, બીજા દીકરાનું નામ મગનલાલ અને નાના દીકરાનું નામ કૃપાશંકર. આ કૃપાશંકર એ પૂ. પ્રેમ અવધૂતજીના પિતા થાય.

કૃપાશંકરના જીવનમાં કેવી આસમાની સુલતાની ઉતરી હતી તે જાણીએ તો મૂંઝારો થાય. કૃપાશંકરે દોઢ વર્ષની ઉંમરે પિતા, ૩ વર્ષની ઉંમરે માતા, ૭ વર્ષની ઉંમરે સૌથી મોટાભાઈ ગિરધરલાલ અને ૧૧ વર્ષની ઉંમરે બીજા મોટાભાઈ મગનલાલ ગુમાવ્યા. ૧૧ વર્ષની ઉંમરે ઉપર આભ ને નીચે ધરતી. બહેન હતી

નહિ એટલે સાટા પદ્ધતિના જમાનામાં લગ્ન માટે કન્યા જોઈતી હોય તો તમારે સામે એમના કુટુંબમાં કન્યા દેવી પડે એ શરત કૃપાશંકર પૂરી કરી શકે નહિ, પરંતુ શાલીંગરામ નામના એક સંતના આશીર્વાદથી ૩૫ વર્ષની મોટી ઉંમરે લગ્ન થયાં. શાંતાબહેન લીંચના જ પણ એમના પિતાશ્રી ઈશ્વરદાસ અજમેરમાં મઉની છાવણીમાં ટ્રેનમાં ગાર્ડ હતા.

કૃપાશંકર સ્વમાની અને તેજસ્વી. માતા શાંતાબહેને ધ્રુવ, મીરાંની વાતો કરી બચુભાઈમાં ધર્મના સંસ્કાર રેડચા. કૃપાશંકરને એક દીકરી અને એક દીકરો. દીકરીનું નામ યશોદા, પણ લાડમાં સૌ એને સુમી કહીને બોલાવે. દીકરાનું નામ પ્રેમશંકર, પરંતુ લાડમાં સૌ એને બચુભાઈના નામે ઓળખે. આ બચુભાઈ એ જ રંગ પરિવારના પૂ. પ્રેમ અવધૂતજી.

## રંગની આંખો જોવા કાજે ગયા ભોગીમામાની સાથે...

નાની ઉંમરથી બચુભાઈમાં ધર્મના સંસ્કારો દૃઢ થયેલા. ધ્રુવની જેમ ભગવાનના દર્શનની ઈચ્છા થતી. ગાયત્રીના અનુષ્ઠાનો કર્યા. અનુષ્ઠાન વખતે મૌન રાખતા અને કેવળ ગાયનું દૂધ લેતાં. પાન-બીડીની દુકાન ચલાવે પણ ગ્રાહક ન હોય ત્યારે ફાજલ સમયમાં ‘રામ રામ’ની માળા કરે. રોજ ૫૦૦ થી ૧૦૦૦ માળા થાય. સદ્‌ગુરુના દર્શનની તીવ્ર ઈચ્છા જાગી. એવામાં એમના લીંચનિવાસી દૂરના મામા ભોગીભાઈ રાવળ પ.પૂ. રંગ અવધૂત મહારાજની છાણી (વડોદરા)માં જન્મજયંતી ઉજવીને પાછા ફર્યા ત્યારે અવધૂતજીનો ફોટો લઈ આવ્યા. આ ફોટામાં પૂ.બાપજીની

આંખો જોતાં બચુભાઈને અનેરું આકર્ષણ થયું. મન ખેંચાયું અને ચૈત્ર સુદ પાંચમ, સંવત ૨૦૦૬ એટલે કે શુક્રવાર તા. ૨૪ માર્ચ, ૧૯૫૦ના રોજ ભોગીમામા સાથે નારેશ્વર પહોંચ્યા. આપણા માટે ચૈત્ર સુદ પાંચમનું મહત્ત્વ એવું છે કે પૂ. રંગ અવધૂત બાપજીએ આ તિથિએ આજન્મ અવિવાહિત રહેવાનો નિર્ણય કર્યો હતો. નારેશ્વર સાંજે પહોંચ્યા. સ્નાન કરીને દર્શને ગયાં ત્યારે અંધારું થઈ ગયું હતું. પૂ. અવધૂતજીને રેટિના ખસી જવાની તકલીફને કારણે ગોગલ્સ પહેરી રાખવા પડતા. ૧૮ વર્ષ પૂરા કરીને ૧૯મા વર્ષમાં પ્રવેશ કરી ચૂકેલા બચુભાઈએ દર્શન કરીને સીધું જ કહ્યું કે, "મારે તમારી આંખ જોવી છે." પૂ.બાપજીએ શાંતિથી-ધીમે હલકે-કહ્યું કે, ભાઈ! મારી આંખે રેટિના ડિટેચ થયેલી હોવાથી મારાથી રાત્રે પ્રકાશ સહન થતો નથી. હું કાલે બહારગામ જવાનો છું ત્યારે સ્ટેશને આવજો. ત્યારે આંખ જોઈ શકશો.

## આંખ મળીને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.

બીજે દિવસે બચુભાઈ મામાની સાથે નારેશ્વર રોડના સ્ટેશને ગયા. પૂ. બાપજી તો વહેલી સવારે નાવડી દ્વારા મોટી કોરલ જઈ ગાડીમાં બેઠા હતા. મોટી કોરલથી ઉપડેલી ગાડી નારેશ્વર રોડ આવતાં બચુભાઈ પૂ. અવધૂતજીની આંખ જોવાની ઈચ્છાથી દર્શન કરવા ગયા. પૂ. બાપજીની લીંબુની ફાડ જેવી પહોળી તેજસ્વી આંખ જોતાં જ મુ. બચુભાઈનું મન ચરણોમાં સમર્પિત થઈ ગયું. મધ ઉપર બેઠેલી માખી પછી ઊડી શકે નહિ, તેમ મુ. બચુભાઈનું મન પણ પૂ. અવધૂતજીના ચરણોમાં લીન થઈ ગયું. આમરણ એ

મન બીજા કોઈના ચરણે લીન થયું નહિ.

ચોંટી માખી મધ વિષે ઊડી શકે ન જાણ;
ભગવદ્રૂપે તેમ આ ઠર્યું, ના ખસે માન.

(શ્રીગુ. અ. ૪૧, દો. ૬૬)

સદ્ગુરુ શોધવા જવાની જરૂર નથી, સાચા શિષ્ય થવાની જરૂર છે. યોગ્ય સાધના પરિપક્વ થતાં જ સદ્ગુરુની પ્રાપ્તિનો યોગ આવીને ઊભો રહે છે. પ્રથમ દર્શને જ પૂ. અવધૂતજીએ આંખથી શું કર્યું એ તો સદ્ગુરુ જ જાણે.

## સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.

"સેવાધર્મ તે પરમ કઠોરા" એવું તુલસીકૃત રામાયણ કહે છે. સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય એવું સુભાષિત કહે છે. શ્રીગુરુલીલામૃતનું ત્રીજા અદયાયનું દીપકાખ્યાન સેવાધર્મની મુશ્કેલીનો ખ્યાલ આપે છે. વૈરાગ્યના બેતાજ બાદશાહ ભર્તૃહરિ કહે છે કેઃ

મૌનાન્મૂકઃ પ્રવચનપટુર્વાતુલો જલ્પકો વા
ધૃષ્ટઃ પાર્શ્વે વસતિ ચ સદા દૂરતશ્ચાપ્રગલ્ભઃ ।
ક્ષાન્ત્યા ભીરૂર્યદિ ન સહતે પ્રાયશો નાભિજાતઃ
સેવાધર્મઃ પરમ ગહનો યોગિનાપ્યગમ્યઃ ॥

(નીતિશતકઃ શ્લોકઃ૫૮)

સેવક મૌન રાખે તો એને મૂગો કહે, વાત કરવામાં હોશિયાર હોય તો એને વાતરોગી (પાગલ) અથવા બક બક કરનારો કહે.

પાસે રહે તો ઠોચા જેવો, દૂર રહે તો કાચી બુદ્ધિવાળો (અક્કલનો ઓથમીર), ક્ષમાશીલ હોય તો બીકણ છે એમ કહે, સહન ન કરે તો સારા કુળનો નથી-ખાનદાન નથી એમ કહે. ખરેખર, સેવાધર્મ પરમ ગહન છે, અતિ કઠિન છે. યોગીપુરુષ પણ એને યોગ્ય રીતે સમજી શકતા નથી. પરંતુ લીંચ જેવા નાના ગામડામાં મધ્યમવર્ગના સામાન્ય બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા બચુભાઈને ગળથૂથીમાંથી મળેલી ત્રણ અણમોલ વૃત્તિઓ તે સેવાવૃત્તિ, સરળતાની વૃત્તિ અને પ્રેમની વૃત્તિ. એટલે જ પ્રેમ અવધૂતજીનું વર્ણન કરતાં કહેવાયું કે, પૂ. પ્રેમ અવધૂતજી એટલે પ્રેમની મૂર્તિ, સરળતાની મૂર્તિ, સેવાની મૂર્તિ. સેવાની સૂઝ ઊંડી. નાની-નાની બાબતો પણ એમના ધ્યાનમાં આવે. પૂ. બાપજીની સેવા તો કરે જ, પણ નારેશ્વર સ્થાનની પણ જે કોઈ ન કરે એવી સેવાપ્રવૃત્તિ કરે. આ સેવાની સૂઝને કારણે, બધાં સાથે હળીમળીને રહેવાના સ્વભાવને કારણે અને બધાં પ્રત્યે પ્રેમભર્યું વર્તન કરવાને કારણે પૂ.બાપજીના હૃદયમાં વસી ગયા.

### હરતાં ફરતાં રંગનું ચિંતન તન-મન-ધન સહુ રંગ સમર્પણઃ

ઈ.સ. ૧૯૫૦માં બચુભાઈએ પહેલી વાર પૂ.બાપજીના દર્શન કર્યાં, પણ મન તો પ્રથમ દર્શને જ સદ્‌ગુરુ ચરણમાં સમર્પિત જ થઈ ગયું. શરણભાવ જાગ્યો. શરણાગતિ સ્વીકારનાર ભક્ત પોતાનાં જીવન-વ્યવહારનાં બધાં જ કામ કરે પણ એનું મન તો ઈષ્ટદેવનું-સદ્‌ગુરુનું-ચિંતન જ કર્યા કરે. પૂ.બાપજીની સાથે શરીરથી કાયમ રહેવાનું તો શક્ય જ ન હતું, પરંતુ મનથી સાંનિધ્ય જાળવી

રાખતાં અને એ જ સાચી ભક્તિ છે. મનથી સદ્‌ગુરુ પાસે રહેવું એટલે એમનું જ ચિંતન, એમનું જ સ્મરણ અને એમને માટે બધું સમર્પણ. એમને ગમે તે કરવું અને ના ગમે તે ના કરવું. આમ, તનથી નહિ પણ મનથી સદ્‌ગુરુ સમીપ રહેવા માંડ્યું. પૂ.શ્રી લખે છે કેઃ

મનપૂર્વક જે થાય તે, થાએ સમ્યક્ જાણ,
ના તેવું કાયિક કદિ, નકી વેઠ એ માન.
ચોંટે ચિત્ત ન ઘરમહીં, નીરસ વિષય પ્રમાણ,
ઉદાસીન વર્તે બધે, જાગ્રત ભજને માન.

(શ્રી ગુ. અ. ૪૭, દો. ૮, ૧૨)

સતત બાપજીના વિચારોને કારણે બાપજીની સેવાની અનોખી સૂઝ આવી. એકવાર નારેશ્વર ગયા. પૂ.બાપજીને શરદી-ઉધરસ થયેલા. બાપજી ઉધરસ ખાય અને કફ તગારામાં રાખેલી રેતીમાં થૂંકે અને પછી એના પર રેતી વાળી દે. મુ. બચુભાઈએ એ જોયું. નારેશ્વરથી અમદાવાદ આવી સીધા ગયા ત્રણ દરવાજા અને કફ થૂંકવાની બે-ત્રણ પ્રકારની પિચકદાની લીધી અને જાણીતા જોડે નારેશ્વર મોકલી. સેવામાં રહેતા જગજીવન માસ્તરે- માસ્તરકાકાએ તગારાની જગ્યાએ આ એલ્યુમિનિયમનું વાસણ મૂક્યું. પૂ. બાપજીએ પૂછયું કે, “આ કોણ લાવ્યું?” માસ્તરકાકાએ કહ્યું કે બચુભાઈએ મોકલાવ્યું. એ સાંભળીને

પૂ. બાપજીએ કહ્યું કે હવે કોઈ ચાંદીની થૂંકદાની લાવે તો પણ આને ખસેડવાની નહિ. પૂ.બાપજીનો આશય એ કે થૂંકદાની જોઈને સારી થૂંકદાની લાવવામાં સેવાભાવ નથી. એમાં શ્રીમંતાઈનો ભાવ છે, પરંતુ તગારાને બદલે થૂંકદાનીનો વિચાર એ સેવાભાવ છે.

નર્મદામાં રેલ આવવાને કારણે ઓવારા પર જવાનો રસ્તો ખાડા-ખૂબડવાળો થયો હતો. એક દિવસ પૂ.બાપજી નર્મદા પર જતા હતા ત્યારે એમની પાવડી (પાદુકા) સહેજ આડી થતી દેખાઈ. મુ. બચુભાઈએ જગજીવનભાઈ માસ્તરને પૂછીને રસ્તો સામો સૂંથરો કર્યો. બીજે દિવસે પૂ.બાપજી નર્મદા પર જતા હતા ત્યારે એમને રસ્તામાં થયેલો ફેરફાર ધ્યાનમાં આવ્યો. એમણે માસ્તરકાકાને પૂછયું કે, આ રસ્તો કોણે ઠીક કર્યો? ત્યારે માસ્તરકાકાએ કહ્યું કે, લીંચવાળા બચુભાઈએ. આટલી ઝીણવટભરી સૂઝથી સેવા કરનાર પર પૂ.બાપજી રાજી થયા અને એનું મહત્ત્વ પાદુકા-પૂજનના પુણ્ય સમાન ગણ્યું. એની ખબર તો નારેશ્વરથી લીંચ જવાનું વિચાર્યું ત્યારે પડી. મુ. બચુભાઈ પોતાના માતા-પિતા સાથે નારેશ્વર સેવા કરવા આવેલા. લીંચ પાછા જતાં પહેલાં પાદુકા-પૂજન કરવાનો નિયમ. મુ.બચુભાઈએ પૂજનની વાત કરી. એટલે પૂ.બાપજીએ કહ્યું કે તમારું પૂજન તો થઈ ગયું. મુ. બચુભાઈને થયું કે કદાચ એમના બા-બાપુજીએ પૂજન કરી

દીધું હશે અને એને કહેવાનું રહી ગયું હશે. માતા-પિતા સાથે વાત કરતાં એમણે કહ્યું કે આપણે તો પૂજન કરવાનું બાકી છે. મુ. બચુભાઈએ પૂ.બાપજીને સ્પષ્ટતા કરતાં કહ્યું કે બાપજી! અમે તો હજી પૂજન નથી કર્યું. અમારું પૂજન તો બાકી છે. ત્યારે પૂ.બાપજીએ કહ્યું કે તમે જે રસ્તો ઠીક કર્યો (કોઈના કહ્યા વિના અને સૂઝ-સમજથી કર્યો) તે પાદુકાપૂજન નથી?

આવા તો કંઈ કેટલા પ્રસંગો બન્યા. આવી સેવાની સૂઝ હોવાનું એક કારણ કેવળ પૂ.શ્રીનું ચિંતન અને સ્મરણ હતું. અંતરનો શરણભાવ-શરણાગતિ એ પણ એનું કારણ હતું.

## રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.

'લાંઘણ હજો પણ માગણ ન હજો' એવી પૂ.અવધૂતજીની ખુમારી મુ. બચુભાઈના વ્યવહારમાં જોવા મળતી. પૂ.બાપજીનો લીંચમાં મુકામ હોય ત્યારે સ્વેચ્છાએ જે લોકો સેવા આપતા તે સેવા સ્વીકારતા, પરંતુ આવો સેવાભાવ ન હોય અને પ્રસંગોપાત ઉદારતાનો દેખાવ કરે તો તેનો અસ્વીકાર થતો. જેની વાડીમાં લીંબુ થતાં હોય તેણે લીંબુની સેવા આપીશ એવો ભાવ વ્યક્ત ન કર્યો હોય તો તેના લીંબુ વેચાતાં જ લાવવાના. પૂ.બાપજી માટે લીંબુ લઈ જાય છે એવું જાણીને સામેની વ્યક્તિ પૈસા લેવાની ના કહે તો જે તે વ્યક્તિ એ ભાઈના લીંબુ લીધા વગર બીજેથી લીંબુ લાવે પણ પેલી વ્યક્તિની વાત ના જ સ્વીકારે.

સને ૧૯૬૭માં પૂ.બાપજી પૂ. રુકમામ્બાની ઉત્તરક્રિયા કરીને, નૈમિષારણ્યમાં અનુષ્ઠાન કરીને બ્રહ્માવર્ત થઈ લીંચ આવ્યા હતાં. પૂ.બાપજી આફ્રિકા જવાના હતા, તેથી દર્શનાર્થીઓનો અભૂતપૂર્વ ધસારો હતો. બહારગામથી આવનાર માટે જમવાની વ્યવસ્થા હતી. સાદું ભોજન હોય તો પણ ખર્ચ થાય એ વાત પૂ.બાપજીના ધ્યાનમાં હતી. એવામાં બાજવાથી આર.એસ.એસ.ના કાર્યકર અને રંગભક્ત શ્રી હિંમતભાઈ ઠક્કર આવ્યા. શ્રીમંત અને સજ્જન વ્યક્તિ. એમને લીંચમાં સેવા કરવાની ઈચ્છા થઈ. પૂ.બાપજીના કાને વાત નાંખી. એ વાત સાંભળી પૂ.બાપજીએ મુ. બચુભાઈને બોલાવ્યા અને હિંમતભાઈની ઓળખ આપી એમની વાત સાંભળવા અને ઘટતું કરવા કહ્યું. મુ. હિંમતભાઈએ એ જમાનામાં રૂ. ૧૦૦૦ની મદદ કરવાની ઈચ્છા દર્શાવેલી. મુ. બચુભાઈએ વિનયપૂર્વક વિનંતીનો અસ્વીકાર કર્યો અને પછી પૂ.બાપજી પાસે જઈને કહ્યું કે "બાપજી! બધી જ વ્યવસ્થા વિચારીને કરી છે. એમ છતાં તમારા મુકામને કારણે ખર્ચનો બોજો અસહ્ય જણાશે તો આપને મુકામ ઉઠાવવાની વિનંતી કરીશ, પણ આવી મદદ લેવા માટે મને ના કહેશો. પૂ.બાપજીએ બહારથી નારાજ થયા હોય એવું મોં કર્યું, પણ અંદરથી રાજી રાજી થયા. એમને સંતોષ થયો કે મારો દીકરો તો આવો જ હોવો જોઈએ.

ભગવાન ઉપરનો ભરોસો છોડી બીજા પાસે કોણ માગે? જેનો બાપ ભિખારી હોય અથવા બાપ શ્રીમંત હોય પણ દીકરાને બાપ સાથે બનતી ના હોય. આપણો તો બાપ શ્રીમંત છે અને બાપ-બેટા વચ્ચે બનતી છે. આપણે જગત સામે શું કામ હાથ લાંબો કરીએ? આપણે શું કામ માગણવૃત્તિ રાખીએ?

ઈ.સ. ૧૯૮૫માં દત્તબાવનીને પચાસ વર્ષ પૂરા થયા એ નિમિત્તે એની ઉજવણીનો માહોલ હતો. મારા પિતાશ્રી ગણપતિશંકર ઉપાધ્યાય (પાપીગણુ) એ વખતે અમદાવાદમાં નારણપુરાના કામેશ્વર મંદિરમાં વૃદ્ધોને સત્સંગ કરાવતા હતા. એમની સંમતિથી મેં એ ભક્તોને રોજ શ્રીગુરુલીલામૃતનો એક અધ્યાય સંભળાવવાનું શરૂ કર્યું. શ્રીગુરુલીલામૃત સંભળાવતાં સંભળાવતાં પ.પૂ. બાપજીની અને પૂ. પ્રેમ અવધૂતજીની વાતો થાય. નારેશ્વર અને લીંચ જવાની પણ ઘણાને ઈચ્છા થઈ. એ દરમ્યાન પૂ. પ્રેમ અવધૂતજીની પંચાવનમી જન્મજયંતી આજોલમાં ઉજવવાનું નક્કી થયું. બધાએ આજોલ જવાની ઈચ્છા દર્શાવી. લકઝરી બસમાં બધા લીંચ થઈને આજોલ ગયા અને ત્યાં જન્મજયંતીના ઉત્સવમાં ભાગ લઈ અમદાવાદ આવ્યા.

સત્સંગમાં ભાગ લેતા વૃદ્ધોના ફાળામાં મેં તથા ડૉ. ઈન્દુભાઈ દવેએ રકમ ઉમેરી લીંચ માટે વૉશબેસીન, કમોડ અને અરીસો લીધા હતા. લીંચ કુટીર પર આ બધી વસ્તુ ઉતારતી વખતે પૂ. પ્રેમ અવધૂતજીના પુત્ર જગદીશભાઈએ પૂછ્યું એટલે મેં કહ્યું કે પૂ.ભાઈ સાથે વાત થઈ ગઈ છે. અમે નારણપુરાના ભક્તો પૂ. પ્રેમ અવધૂતજીને 'ભાઈ' કહેતા, બાપજી શબ્દ પ.પૂ. રંગ અવધૂતજી માટે જ વાપરતા.

જન્મજયંતી ઉજવ્યા પછી પૂ. પ્રેમ અવધૂતજી લીંચ આવ્યા. એમના દીકરાએ વાત કરી એટલે મને મળી જવા જણાવ્યું. પછી આ વસ્તુ કેમ લાવ્યા અને કેવી રીતે લાવ્યા એ વાત પૂછી. મેં બધી વાત જણાવી એટલે એમણે કહ્યું કે, આપણા પોતાના પૈસાથી એલ્યુમિનિયમની ચમચી લાવવાની પણ ઉઘરાણું કરીને ચાંદીની ચમચી નહિ લાવવાની. આ રીતે વસ્તુ લાવવાની આપણી પરંપરા નથી. પછી તો હું દર ગુરુવારે સાંજે લીંચ જતો. પૂ.બાપજીના સિદ્ધાંતોની સમજ આપતા આપતા પૂ. પ્રેમ અવધૂતજીએ આખરે ત્રણે વસ્તુ પરત કરી. મેં પણ પ્રસાદી માની વૉશબેસીન ઈશ્વરભાઈ પટેલને અને અરીસો ડૉ. ઈન્દુભાઈને આપી કમોડ મારી પાસે રાખ્યું. લીંચની ચિંતા તમારે કરવાની શી જરૂર? અને તે પણ ઉઘરાણું કરીને?

પોતાના જીગરી મિત્ર મૂળજીભાઈ પાદુકા ઉપર લગાવવા માટે અત્તરની શીશી આપે અને કહે કે પૂરી થાય એટલે કહેજો. તો પણ અત્તર ખલાસ થાય છતાં કહે નહિ. પેલી વ્યક્તિ સામેથી પૂછે તો જ જવાબ આપે. પૂ. અવધૂતજીના નિયમો જીવનમાં ઉતારેલા. ૧૯૮૫ના સમયમાં આર્થિકસ્થિતિવશ મીઠાઈ પર ચોખ્ખું ઘી પાથરવાનું ન પરવડે તો તલના તેલથી ચલાવે, પણ કોઈને ‘તમારા તરફથી ઘીની સેવા’ એવું કહીને માગે નહિ. શક્તિ પ્રમાણે ભક્તિ કરવાની. માગીને, ઉઘરાવીને ભવ્યતા લાવવાને બદલે પૂ.બાપજીના સિદ્ધાંતો જાળવીને ઉત્સવમાં દિવ્યતા લાવવાની એવું શીખવે.

## રંગ રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા :

મુ. બચુભાઈ નારેશ્વર જતાં ત્યારે શોધી શોધીને સ્થાનની પણ સેવા કરતાં. કોઈની સાથે અડફેટમાં ન અવાય એ હેતુથી કોઈ ન કરે એવી સેવા કરતાં. પૂ.બાપજીની સેવા તો પૂરા દિલથી કરતાં, પરંતુ પૂ.બાપજીની સેવા કરનારની સેવા પણ એટલા જ ભાવથી કરતાં. મુ. જગન્નાથમામા (સરખેજ)ના પગ દબાવવાની જરૂર પડે ત્યારે જાણે પૂ.બાપજીની જ ચરણસેવા કરતાં હોય એવો ભાવ સેવે. મુ. મોદીકાકાના હાથે પાટો બાંધવાનો હોય કે શેક કરવાનો હોય તો પણ પૂરા પ્રેમથી કરે. બચુભાઈના મનમાં એ વાત સ્પષ્ટ હતી કે પૂ.બાપજીની સેવાનું ફળ, એમના સેવકની સેવાનું ફળ અને એમના સ્થાનની સેવાનું ફળ એક જ છે. પૂ.બાપજીની અંગત સેવા કરનારને વધુ પુણ્ય મળે, વધુ આશીર્વાદ મળે અને સ્થાનમાં ઝાડુ વાળવાની સેવા કરનારને ઓછું ફળ મળે એવું હોતું નથી. આવી સાચી સમજને કારણે કોઈની સાથે અથડામણમાં આવવાનો પ્રસંગ બન્યો નહિ. આને કારણે પણ પૂ.બાપજી એમના પર વધુ પ્રસન્ન થયા. શરણભાવમાં અહંનો નાશ કરવાનો હોય છે. સરળતાની મૂર્તિ, પ્રેમની મૂર્તિ અને સેવાની મૂર્તિ એવા બચુભાઈ ઈ.સ. ૧૯૮૧માં પ્રેમ અવધૂતજી તરીકે ઓળખાયા તો પણ એમની વૃત્તિ તો બચુભાઈ હતા ત્યારની જ રહી. બધા સાથે પ્રેમનો અતૂટ નાતો રહ્યો.

## લીંચમહીં ગુરુદેવ પધાર્યા ભક્તોના હૈયા હરખાયાં :

ઈ.સ. ૧૯૫૦માં ચૈત્ર સુદ પાંચમના રોજ પૂ. રંગ બાપજીનું પ્રથમ દર્શન કર્યા પછી મુ. બચુભાઈને પૂ.બાપજીનું ઘેલું લાગ્યું. એમની વૃત્તિને ગુરુમહારાજે ઓળખી લીધી. લીંચમાં સૌ પ્રથમ મુકામ સને ૧૯૫૭માં થયો. આ મુકામ ભોગીમામાના ખેતરમાં થયો. માગસર વદ ૭ના રોજ વીસનગરથી પૂ.બાપજી આવ્યા. ત્રણ દિવસ રહીને માગસર વદ ૧૦ના રોજ સરખેજ જવા પૂ.શ્રીએ લીંચ છોડ્યું.

પછીના બધા મુકામ મુ. બચુભાઈના ખેતરમાં થયા. કુલ ત્રણ મુકામ થયાં. સને ૧૯૬૨માં પૂ.બાપજી દ્વારકામાં ૬૫મી રંગજયંતી ઉજવી ગિરનાર, સતાધાર થઈ લીંચ આવ્યા. કારતક વદ તેરસથી માગસર સુદ પાંચમ એમ આઠ દિવસનો મુકામ થયો. મુ. બચુભાઈએ પૂ.બાપજી માટે નાની કુટીર તૈયાર કરી હતી. એમાં નીચે ભોંયરું હતું. પૂ.બાપજીએ એ કુટીરની પ્રદક્ષિણા કરી એને અભિમંત્રિત કરી. પછી સને ૧૯૬૪-૬૫માં પૂ.બાપજી અજમેરથી માગસર વદ નોમના રોજ આવ્યા અને પોષ સુદ બારસના રોજ રાણપુર જવા નીકળ્યા. આ મુકામ ઓગણીસ દિવસનો થયો. ત્રીજો અને છેલ્લો મુકામ સને ૧૯૬૭માં થયો. ભાદરવા વદ નોમના રોજ અવધૂતજી બ્રહ્માવર્તથી આવ્યા અને આસો વદ બીજના રોજ આફ્રિકા જવા માટે અમદાવાદ થઈ મુંબઈ ગયા. આ મુકામ બાવીસ દિવસનો થયો.

છેલ્લા મુકામ વખતે મુ. બચુભાઈએ બીજી મોટી કુટીર તૈયાર કરી હતી. આ કુટીરની વ્યવસ્થા જોઈને પ્રસન્ન થયેલા ગુરુમહારાજે પૂછવું પડ્યું કે "આ બધું તને કોણ સૂઝાડે છે?" પ્રશ્ન પોતે જ ઉત્તરરૂપ હતો. સૂઝાડનાર પણ બાપજી અને પૂછનાર પણ બાપજી.

પૂ.બાપજી લાઈટનો પ્રકાશ સહન કરી શકતાં ન હતા તેથી રૂમમાં અજવાળું રહે પણ પૂ.બાપજીની આંખ ઉપર પ્રકાશ ન આવે એ માટે પૂ.બાપજીની પાટની નીચે લાઈટ મૂકવામાં આવી હતી. પૂ.બાપજીને આનંદ થયો. ભિક્ષા લીધા પછી પૂ.બાપજી આરામ કરે એટલે દર્શન બંધ. પરંતુ ઘણા ભક્તોને આવતાં મોડું થઈ જાય અને પૂ.બાપજીના દર્શન કર્યા પછી જ પાણી પીવાનો એણે સંકલ્પ કર્યો હોય એટલે આ પરિસ્થિતિના સમાધાનરૂપે પૂ.બાપજીના રૂમની બારીનો એક કાચ એવો રાખેલો કે જેમાંથી પૂ.બાપજીનાં દર્શન  થઈ શકે. પૂ.બાપજીને આરામમાં ખલેલ ન પડે અને છતાં ભક્તનો સંકલ્પ સચવાય એ જોઈને પૂ.બાપજીએ પૂછ્યું કે "આ બધું તને કોણ સૂઝાડે છે?"

પૂ.બાપજીને શિસ્ત જળવાય અને છતાં લોકોને હડે હડે ન થાય એવું ગમે. લીંચમાં આવનારનું માન સચવાય અને છતાં શિસ્તનું પાલન પણ થાય. એટલે પૂ.બાપજીને લીંચ ખૂબ ગમતું. મુ. બચુભાઈ એટલે પ્રેમશંકર, એમના પિતાશ્રી કૃપાશંકર અને માતા સૌ. શાંતાબહેનની હાજરીથી વાતાવરણમાં પ્રેમ-કૃપા અને શાંતિ જણાતા.

## ‘લીંચ જાણ મિનિ નારેશ્વર’ એવું બોલ્યા રંગ ગુરુવર :

ઈ.સ. ૧૯૬૫માં પૂ.બાપજી અજમેરથી આવેલા. પૂ.બાપજીને લકવો પડેલો તેથી અજમેર ગયેલા. ત્યાંથી લીંચ આવેલા. મુ. બચુભાઈ પૂ.બાપજીને લેવા માટે અજમેર ગયેલા. મુકામ દરમ્યાન સાંજે પાંચ વાગે પૂ.બાપજી આંબા નીચે બેઠક પર બેઠેલા હતા. દર્શન માટે લોકોની લાઈન લાગેલી. એક તરફ પુરુષો અને બીજી તરફ બહેનો. એવામાં લીંચની ત્રણ બ્રહ્મભટ્ટ (બારોટ) બહેનો દર્શને આવી. શિયાળાનો સમય એટલે સૂર્યાસ્ત વહેલો થાય. ત્રણે બહેનો દર્શને આવ્યા, પણ પૂ.બાપજીનું મોં બરાબર દેખાય નહિ એટલે દર્શન બરાબર થાય નહિ. એ ત્રણે બહેનો એટલે બઈબાફોઈ, સમજુફોઈ અને ઝેકવોરમા વધુ નજીક આવ્યાં, પણ ૭૫ વર્ષથી પણ વધુ ઉંમર હશે એટલે ઓછું દેખાય. ગામડાના ભોળા અને સરળ સ્વભાવના માણસો એટલે બાપજીને કહે કે બાપજી! તમારું મોઢું દેખાતું નથી. તો જરા આઘા આવોને! પૂ.બાપજી પણ એટલી જ સહજતાથી તેમનો ભોળપણનો શુદ્ધ ભાવ જોઈને ઓટલા પરથી સહેજ ખસીને આગળ આવ્યા અને મોઢું આગળ કર્યું. ત્રણેય બહનો એક સાથે બોલીઃ “હાશ! બાપા! હવે તમારું મોઢું બરોબર દેખાયું.”

બાપજીનું હૃદય ગામડાના લોકોનો ભાવ અને સરળતા જોઈને દ્રવી ગયું. બાપજીની જમણી તરફ બચુભાઈ બેઠેલા હતા. ત્યાં એમના તરફ જોઈને બાપજીએ કહ્યુંઃ “જે લોકો પૈસા અને ઉંમરના કારણે નારેશ્વર ન જઈ શકે તેના માટે આ નાનું (મિનિ)

નારેશ્વર. એવા લોકો અહીં આવે તો તેમને નારેશ્વર ગયાનું ફળ મળે.

જેવી રીતે જે કોઈ બદ્રિનારાયણ ન જઈ શકે તે નર્મદા કિનારે આવેલા બદ્રિનારાયણના દર્શન કરે તો તેને બદ્રિનારાયણ જવાનું ફળ મળે તેવી રીતે નારેશ્વર ન જઈ શકે તે લીંચ આવીને દર્શન કરે તો તેને નારેશ્વર જઈને દર્શન કર્યાનું ફળ મળે. આમ, પૂ.બાપજીએ પોતે લીંચને નાનું નારેશ્વર- મિનિ નારેશ્વર- કહ્યું.

## દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં એમ રંગ વદે છે :

સને ૧૯૬૭ એટલે કે સંવત ૨૦૨૩ની જેઠ સુદ અગિયારસ-ભીમ એકાદશી-ના રોજ પૂ. રુકમામ્બા બ્રહ્મલીન થયાં. એમની ઉત્તરક્રિયા માટે પૂ.બાપજી મોરટક્કા ગયા. ઉત્તરક્રિયા પતાવી પૂ.બાપજી અનુષ્ઠાનાર્થે નૈમિષારણ્ય ગયાં. ત્યાં એક મહિનો રહ્યા. ત્યાંથી બ્રહ્માવર્ત ગયા. ત્યાંથી પછી ભાદરવા વદ નોમે લીંચ પધાર્યા. બ્રહ્માવર્તથી લીંચ આવતા ટ્રેનમાં સેવામાં રહેલા ડૉ. રતિભાઈ પંડ્યાએ કહ્યુંઃ “બાપજી! આપને માટે મને એક વિચાર આવ્યા કરે છે, તો તે પૂછું?” બાપજીએ કહ્યું કે પૂછો. એટલે રતિભાઈએ કહ્યું કે બાપજી! તમારું આયુષ્ય માર્કંડઋષિ જેટલું થાય. આમ છતાં એક દિવસ તો આ શરીર છોડશો જ ને! તો આ શરીર ક્યાં છોડશો? પૂજ્ય બાપજીએ કહ્યું કે ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ. આ લીંચનું નામ એટલી સહજતાથી અને એટલી ઝડપથી બોલ્યા કે જાણે લીંચ એમને ખૂબ જ પ્રિય હોય.

બાપજી સને ૧૯૬૮માં નારેશ્વરથી લીંચ આવવાના હેતુથી આસો વદ એકમના રોજ નીકળ્યા અને નડિયાદ ગયા. ત્યાંથી અરેરા થઈ કપડવંજ ગયા. કપડવંજમાં દિવાળીનો તહેવાર ભક્તોએ ઉજવ્યો. ગુંજથી ગાંડામહારાજના ભક્તો પૂ.બાપજીને આમંત્રણ આપવા આવવાના હતા, તેની રાહ જોવાતી હતી. તેઓની નડિયાદ, અરેરા અને કપડવંજમાં પણ રાહ જોઈ પણ તે ન આવ્યા. એ દરમ્યાન જયપુરના રંગભક્ત શાંતિલાલના દીકરાએ કહ્યું કે બાપજી! આપે કહ્યું હતું કે તારું નવું મકાન થાય એટલે જયપુર આવીશ. તો મારું મકાન તૈયાર થઈ ગયું છે. બસ! નિર્ણય બદલાયો. લીંચને બદલે જયપુર જવાનું નક્કી થયું. વડોદરાના ભોગીભાઈ પટેલના ધર્મપત્ની કમુબહેને કહ્યું કે બાપજી! આપણે હરિદ્વાર જવાનું છે, તો જયપુરથી જઈએ? પૂ.બાપજીએ સંમતિ આપતાં હરિદ્વાર જવાનું નક્કી થયું. અમદાવાદથી જયપુર વિમાનમાં ગયા ત્યારે સેવામાં મુ. સુમનભાઈ પુરોહિત- ભજન ભાસ્કર- હતા. પૂ.બાપજીએ પૂછ્યુંઃ “માસ્તર! તમે હરિદ્વાર જોયું છે?” સુમનભાઈએ ના પાડી. બાપજીએ કહ્યું કે આ ઠંડીના દિવસોમાં આ લોકો મને હમણાં કેમ લઈ જાય છે? આ તો ઠંડીના દિવસો અને હિમાલય. ચાલો કંઈ નહિ. ગુજરાતનું પ્રારબ્ધ હોય તો મેં દેહવિલય માટે લીંચ પસંદ કર્યું છે. નહિ તો મારે જગા શોધવાની છે. મારી સેવા લીંચમાં સારી થશે એટલે મારી તબિયત બગડે તો મને લીંચ લઈ જજો એવું સેવામાં રહેનારને કહેલું.

**રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો :**

ભગવાન કૃષ્ણ જન્મ્યા મથુરામાં પણ બાળપણનો આનંદ તો એમણે ગોકુળમાં જ માણ્યો. ગોકુળમાં શાંતિ અને આનંદ બંને મળે. પૂ.બાપજીને લીંચમાં વધુ ગમે તેનું કારણ એ કે શિસ્ત જળવાય અને છતાં કોઈ આવનાર હડે હડે નહિ થાય. પ્રેમભર્યો વ્યવહાર, સ્થાનમાં શાંતિ અને વાતાવરણ આનંદિત. પૂ.બાપજીની બધી સગવડો સચવાય છતાં એનો કોઈ ઉહાપોહ કે અજંપો નહિ. પૂ. બાલ અવધૂતજીએ લીંચને રંગ બાપજીનું ગોકુળ કહ્યું તે એકદમ વાજબી છે.

પૂ.બાપજી હરિદ્વાર ગયા ત્યારે ગુજરાતમાં છેલ્લો મુકામ સાબરમતીમાં મુ. બચુભાઈના બનેવી શ્રી વિષ્ણુપ્રસાદ પુરોહિતને ત્યાં થયેલો. પૂ.બાપજીની તબિયત સારી નહિ. પગે સોજા આવેલા. બચુભાઈએ બાપજીને કહ્યું કે "બાપજી! લોકો આ શિયાળામાં હરિદ્વારથી ગુજરાત તરફ આવે છે ને તમે આવી તબિયતે હરિદ્વાર જાવ છો!" બાપજીએ કહ્યું કે મેં સેવામાં રહેનારને કહી રાખ્યું છે કે મારી તબિયત બગડે તો મને લીંચ લઈ જજો. ત્યાં મારી સારી સેવા થશે. આવું આશ્વાસન આપી, બચુભાઈના મનને શાંત કરી બાપજી અમદાવાદથી જયપુર-દિલ્હી થઈ હરિદ્વાર ગયાં અને ત્યાં તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ રાત્રે દેહત્યાગ કર્યો. આ સમાચાર બચુભાઈને બીજે દિવસે મળ્યા. એમને અનહદ દુઃખ થયું. પોતાને બાપજીએ લીંચ આવવાનું કહ્યું હતું પછી કેમ ન આવ્યા? એમણે અન્નનો ત્યાગ કર્યો. પ્રવૃત્તિ બધી કરે પણ

ફક્ત લીંબુનું પાણી અને ગોળનું પાણી લે. પૂ.બાપજીનાં અંત્યેષ્ટિ સંસ્કારમાં પણ હાજર રહ્યા, પરંતુ મન અજંપાથી ભરેલું. મને બાપજીએ છેતર્યો એવા ભાવથી અનહદ દુઃખ અનુભવતાં. આમ ને આમ ૧૮ દિવસ પૂરાં થયાં. રાત્રે અઢી વાગે દૃષ્ટાંત થયો. પૂ.બાપજી ખાલી લંગોટ પહેરીને ઊભેલા. પછી કહ્યુંઃ "બચુભાઈ! એકસો બાવીસ એકસો બાવીસ." પછી સ્પષ્ટતા કરતાં કહ્યું કે, શ્રીગુરુલીલામૃતનો ૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચો અને પછી કહ્યું કે લીંચમાં દેહ છોડવાનો એટલે શું? હાડકાં પાડવાના? નહિ. પ્રાણ પૂરવાનો. અને તે પ્રાણ તો મેં પૂરેલો જ છે.

મુ. બચુભાઈ ઊઠ્યા. હાથ-પગ ધોઈને શ્રીગુરુલીલામૃત લીધું અને એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો જોયો તો લખ્યું હતુંઃ

કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.

(શ્રી ગુ.લી. અ.૧૨૨, દો.૧૨૨)

આમ, લીંચમાં પૂ.બાપજીએ પોતાના પ્રાણનું સિંચન કર્યું છે એટલે એને અનુરૂપ જીવવાનો બચુભાઈએ સંકલ્પ કર્યો.

## પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી.

પૂ.બાપજીના સૌ પ્રથમ દર્શન સને ૧૯૫૦ના માર્ચની ૨૪મી તારીખ ને શુક્રવારે કર્યા પછી પૂ.બાપજીની પાસે રહેવાનું ઘેલું લાગ્યું. પરંતુ નારેશ્વર કેટલું રહેવાય? લીંચ તો આવવું જ પડે?

પરંતુ પૂ.શ્રીની વધુ ને વધુ સેવા કરવાની ઈચ્છાથી જ્યારે જ્યારે શક્ય બને ત્યારે નારેશ્વર પહોંચી જતાં.

શરૂઆતમાં તો વીસ વર્ષનો યુવાન. એને શું સમજ પડે એવું પણ વડીલોના મનમાં હોય. પાછા નાના ગામડાના અને બહુ ભણેલા પણ નહિ. પરંતુ પૂ.બાપજીની સેવામાં રહેતા જગજીવન માસ્તર સાથે એમને સારું બનતું. એમને પૂછી, એમની મંજૂરી મેળવીને સેવા કરે. પૂ.બાપજીને બપોરે સંડાસ જતા જોયાં. સંડાસ ખુલ્લામાં. કરાંઠાની આડ કરેલી. પૂ.બાપજી પાછા ફર્યા પછી એમણે જોયું તો બે ઈંટ મૂકેલી. આજુબાજુની જગા પાણીથી ભીની ભીની થયેલી. એમણે માસ્તરકાકાની સંમતિથી બે-ત્રણ જગાએ બે-બે ઈંટો મૂકી. થોડી રેતી નાંખીને જમીન સૂકી કરી દીધી અને પૂ.બાપજીના સંડાસ જવાના સમય પહેલા અગરબત્તી સળગાવી જાજરાની જગાએ મૂકી દીધી. પૂ.બાપજી આ સૂઝ સમજથી ખૂબ ખુશ થયા. જાજરૂમાં અગરબત્તીનો વિચાર જ નવો.

લીંચના મુકામ વખતે પણ જાજરામાં અગરબત્તી મૂકાતી જોઈ પૂ.બાપજીએ પૂછયું કે “જાજરૂમાં પણ અગરબત્તી કરી છે?” બચુભાઈએ કહ્યું કે બાપજી! અમારા માટે તો આ પણ મંદિર છે. આજે પણ નવી કુટીરમાં જાજરૂમાં પુષ્પ મૂકાય છે.

સેવાભાવ દિલથી થતો હોય ત્યાં બધું જ સૂઝે અને બધું નવું જ સૂઝે.

## મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો :

પૂ.માજી હયાત હતા ત્યારે જ પૂ.માજીની ઉત્તરક્રિયા માટે જગા શોધવાનું કામ પૂ.બાપજીએ મુ. બચુભાઈને સોંપેલું. મુ. બચુભાઈએ સિદ્ધપુરની પાસેના પાંડવનગરનું સ્થળ નક્કી કરેલું. પૂ.બાપજી સાથે વાત થઈ ત્યારે બચુભાઈએ કહ્યું કે "બાપજી! મને આ વિધિનો બરાબર અભ્યાસ નથી." ત્યારે બાપજીએ કહેલું કે તું ચિંતા ન કર. હું તને બધું બતાવીશ તે પ્રમાણે તારે વિધિ કરાવવાની.

પૂ.માજીના અંતિમ દિવસોમાં બચુભાઈના બા શાંતાબહેન સેવામાં હતા. બચુભાઈ પણ નારેશ્વર જ હતા, પણ થોડા દિવસો થયાં એટલે લીંચ એક આંટો મારીને કામ પતાવી પાછા આવી જવાનું બાએ કહ્યું. એટલે બચુભાઈ લીંચ ગયા. પૂ.માજીએ દેહત્યાગ કર્યો એ સમાચાર તારથી મોકલ્યા પણ તાર મોડો મળ્યો એટલે બચુભાઈ નારેશ્વર પહોંચે તે પહેલાં પૂ.બાપજી ઉત્તરક્રિયા માટે મોરટક્કા જવા રવાના થયા. સાથે સેવામાં મુ. સુમનભાઈ પુરોહિત હતા.

વડોદરા સુધી બચુભાઈની રાહ જોઈ પરંતુ મેળાપ થયો નહિ. બચુભાઈ પૂ.બાપજી માટે પૉર્ટેબલ સંડાસ બનાવીને લઈ ગયેલા. બાપજી નારેશ્વરમાં નથી એટલે નિરાશ થયા, પણ તરત મોરટક્કા જવા ઉપડ્યા. બીજે દિવસે પહોંચી ગયા. એમણે તૈયાર કરેલું સંડાસ જોઈ પૂ.બાપજીને ખૂબ આનંદ થયો અને ખૂબ રાહત પણ થઈ. પૂ.બાપજીએ સુમનભાઈને કહ્યુંઃ માસ્તર! જોયું! આનું નામ સેવા! આને કોણે સૂઝાડ્યું? કેવું સરસ બનાવ્યું છે? એને

હું શું આપું? ભગવાન એનું ભલું કરે.

આમ, મોરટક્કાનો પ્રવાસ બચુભાઈ માટે કારગત નિવડ્યો. બચુભાઈએ પ્રેમથી અવધૂતજીને જીતી લીધા. બાપજીએ માજીની ઉત્તરક્રિયાના દિવસોમાં બ્રહ્મભોજન માટેની બધી જવાબદારી બચુભાઈને સોંપેલી અને એક વર્ષ સુધી પ્રત્યેક માસીસો કરવાની જવાબદારી પણ બચુભાઈને જ સોંપેલી. બચુભાઈને જવાબદારી સોંપી એટલે તમે નચિંત થઈને ફરી શકો.

## ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા :

પૂ.બાપજીનો પોરમાં મુકામ હતો. એક દિવસ મુ. ગોવિંદકાકા પૂ.બાપજીના હાથ-પગના નખ કાપતા હતા. નખ ઉતારતા ઉતારતા એમને વિચાર આવ્યો કે આ નખને ચાંદીની ડબ્બીમાં રાખી એની રોજ પૂજા કરીશ. એ વખતે મુ. કેશવલાલ નાથાલાલ શાસ્ત્રી પણ ત્યાં હાજર હતા. એમના મનમાં વિચાર આવ્યો કે આ નખ હું સોનાની ડબ્બીમાં મઢાવીને રાખીશ. નખ કપાઈ રહ્યા એટલે પૂ.બાપજીએ કહ્યુંઃ “ગોવિંદ! આ નખ ઢાઢર નદીમાં પધરાવી દે. ગોવિંદકાકાના મનોરથ પર પાણી ફરી વળ્યું. નદીમાં નખ પધરાવવા ગયા તો ત્યાં વિચાર આવ્યો કે નખનું પડીકું ગજવામાં રાખી મૂકું. ત્યાં પૂ.બાપજીએ બરાડો પાડ્યો કે ગોવિંદ! નખ પધરાવ્યા કે નહિ? આમ, ગોવિંદકાકાની ઈચ્છા હોવા છતાં એમને નખ રાખવા ન દીધા.

આની સામે પૂ.બાપજીનો મુકામ લીંચમાં હતો. મુ. બચુભાઈ નખ ઉતારતા હતા. એમણે પૂછ્યુંઃ “બાપજી! નખ રાખું?”

બાપજીએ હા કહી એટલે મુ. બચુભાઈએ મખમલની ડબ્બીમાં ૐકાર સ્વરૂપે નખને અને વાળને સાચવ્યા અને પૂ.બાપજીને બતાવ્યા તો બાપજીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે "વાહ! તું તો કલાકાર નીકળ્યો." આમ, ગુરુમહારાજે એમને નખ સાચવવા દીધા.

સને ૧૯૬૨માં બચુભાઈના ખેતરમાં નાની કુટીરમાં પૂ.બાપજી પહેલી વાર પધાર્યા ત્યારે એમણે બચુભાઈને કહ્યું કે તું પણ બોડાણાની માફક મંતર માર એટલે મારે અહીંથી ક્યાંયે જવું ના પડે.

પછી એક વાર બચુભાઈને પૂછ્યું કે અહીંથી નારેશ્વર કેટલું દૂર થાય. બચુભાઈએ ગણતરી કરીને કહ્યું કે બાપજી! લગભગ ૧૮૦ માઈલ થાય. પૂ.બાપજી બોલ્યાઃ એમ! આટલું બધું દૂર છે? પછી બોલ્યા કે આ બધા સંબંધો પરાપૂર્વથી ચાલ્યા આવે છે. આમ, પૂ.બાપજીએ અંતરની વાતો કરીને બચુભાઈને જણાવ્યું કે મારી સાથેનો તારો સંબંધ આજકાલનો નથી, પણ જન્મોજન્મનો છે.

## ગુરુને સેવ્યા સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન ધન :

મુ. બચુભાઈએ પૂ.બાપજીની ઊંડી સૂઝથી સેવા કરી પણ પૂ.બાપજીએ એમને ભવિષ્યના પ્રેમ અવધૂતજી બનાવવાના હતા, તેથી એની તૈયારીરૂપે પ્રક્રિયા શરૂ કરી દીધી. જેમ પક્ષી ઈંડા પર બેસી ઈંડાને સેવે, હૂંફ આપે, જરૂરી ગરમી આપે અને

પરિણામે ઈંડામાંથી બચ્ચું નીકળે તેમ પૂ.બાપજીએ પણ એમની રીતે મુ. બચુભાઈને લોકસંગ્રહના કામ માટે તૈયાર કર્યા. સામી વ્યક્તિને ખબર પણ ના પડે એ રીતે પૂ.બાપજીએ બચુભાઈને સેવ્યા, હૂંફ આપી અને પછી પ્રેમ અવધૂતજી બનાવ્યા.

પહેલી વાર પૂ.બાપજી લીંચથી નારેશ્વર ગયા ત્યારે મુ. મોદીકાકાને કહ્યું કે બીજું બધું તો ઠીક છે પરંતુ બચુભાઇ આપણા લોકસંગ્રહના કામમાં આવે એવા છે.

પૂ.બાપજીને દાંતનો દુઃખાવો હતો ત્યારે સેવામાં મુ. બચુભાઇ હતા. તેર દિવસ સુધી પૂ.શ્રી ઊંઘ્યા પણ નહિ અને બચુભાઇને ઊંઘવા દીધાં પણ નહિ. આ તેર દિવસની જાગૃતિ એ પૂ.બાપજીએ બચુભાઇને આપેલી તાલીમ હશે!

“આપ સમાન કરે શિષ્યનકો” એ ભજનની પંક્તિ ચરિતાર્થ કરી. બચુભાઈને આંખ દ્વારા દીક્ષિત કર્યા. માનવતાની મહેંક નામના ગ્રંથના પ્રસંગો વાંચતા ગુરુ અને શિષ્ય બંને માટે ન્યોચ્છાવર ભાવ જાગે. આવા સેવકને ધન ધન કહેવાનું મન થાય.

## દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું મન પણ બહુ હરખાયે :

સાબરમતીમાં બચુભાઈને આશ્વાસન આપીને એમનું મન શાંત કર્યું, પરંતુ હરિદ્વારમાં દેહત્યાગ કર્યો તેથી બચુભાઈને ભારે દુઃખ થયું. અન્નનો ત્યાગ કર્યો. લીંબુનું પાણી કે ગોળનું પાણી લે. બિમાર પડીશ તો લીંચ આવીશ એવો પૂ.બાપજીએ વાયદો કરેલો

અને વાયદો કરીને ન આવ્યા એનું બચુભાઈને ભારે ખોટું લાગ્યું અને તેઓ રિસાયા. અઢારમે દિવસે દૃષ્ટાંત થયો. "એકસો બાવીસ-એકસો બાવીસ" એવું પૂ.બાપજી બોલ્યા. શ્રીગુરુલીલામૃતના એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચ્યો. દોહરો વાંચતા મન પરથી બોજો ઉતરી ગયો.

સિદ્ધપુરુષ સામાન્ય લોકોની દૃષ્ટિથી શરીર છોડી દે છે, પરંતુ પછી એ ધીરપુરુષ બધાના હૃદયમાં નિત્ય રહેતો હોય છે. આ દોહરો વાંચતા એમને સમજાયું કે હવે પૂ.બાપજી દરેકના હૃદયમાં વસે છે એટલે બધા સાથે વ્યવહાર કરતી વખતે એના અંતરમાં રહેલા પૂ.બાપજીને ઓળખીને વ્યવહાર કરવો. સને ૧૯૬૮થી ૧૯૮૧ના શ્રાવણ માસની અમાસ સુધીની એમની સાધનાના ફળસ્વરૂપે નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જયંતીભાઈ આચાર્યે તેમને પ્રેમ અવધૂતજીનું નવું નામ આપ્યું.

## રંગ હૃદય મનમાં જે આવે બચુભાઈ એ જાણી જાયે :

હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં ગુરુમહારાજના સતત સ્મરણથી એમનું મન બાપજી પાસે રહેવા લાગ્યું. પૂ. રંગ બાપજી એમને સંદેશો મોકલે અને બચુભાઈ એ સંદેશો ઝીલી લેતાં. પૂ.બાપજીની હાથી ઉપર શોભાયાત્રા નીકળી હોય તો સ્વપ્નમાં એ દૃશ્ય ઝીલાતું. પોરમાં કેસર સ્નાન કરાવ્યું હોય તો લીંચમાં બચુભાઈને સ્વપ્નમાં પૂ.શ્રી પીળા દેખાય. પૂ.બાપજી સાથે કેવા એકરૂપ થઈ ગયા હશે!

સને ૧૯૬૮ એટલે કે સંવત ૨૦૨૪ના આસો વદ એકમના રોજ પૂ.બાપજી નારેશ્વરથી પ્રવાસે નીકળ્યા ત્યારે એ પ્રવાસનો ઉદ્દેશ લીંચ જવાનો હતો અને તેથી પૂ.બાપજીએ લીંચના જ એક ભાઈ સાથે મોજા, ગરમ ટોપી અને ચ્યવનપ્રાશ (ચાટણ) વગેરે નારેશ્વરથી લીંચ મોકલી આપ્યું હતું. પૂ.બાપજી નારેશ્વરથી નીકળી ઉત્તરસંડા થઈ નડિયાદ ગયા. શિવાભાઈ વૈદ્યને ત્યાં મુકામ હતો. ત્યાંથી અગિયારસે અરેરા જવા નીકળ્યા. ત્યાં ગુરુદ્વાદશીનો ઉત્સવ ઉજવી ત્યાંથી બળદગાડામાં મહુધા આવ્યા. ત્યાંથી પૂ.બાપજી ટ્રેનમાં કપડવંજ આવ્યા. બધે જ પૂ.બાપજી ગુંજથી આવનારા ભક્તોની રાહ જોતા હતા, પરંતુ ન તો ભક્તો આવ્યા કે ન તો સંદેશો આવ્યો. કપડવંજમાં શાંતિભાઈના દીકરા જયપુરથી આવ્યા હતા. એમણે કહ્યું કે બાપજી! આપે તારું નવું મકાન થાય એટલે હું જયપુર આવીશ એમ કહ્યું હતું, તો મકાન તૈયાર થઈ ગયું છે. તો આપ ક્યારે આવશો? પૂ.બાપજીએ કહ્યું કે તું કહે તો હું તો અહીંથી જ જયપુર આવી જઉં અને કાર્યક્રમ બદલાયો.

પૂ.બાપજીએ બચુભાઈને કપડવંજ મળવા બોલાવ્યા. બચુભાઇ લીંચથી કપડવંજ ગયા. પૂ.બાપજીએ કહ્યું કે તમે બધા લીંચથી સાબરમતી આવો તો મારે લીંચની એક દિવસની ટીચામણ ના થાય. મુ. બચુભાઈએ વાત સ્વીકારી લીધી. "કરિષ્યે વચનં તવ" એ જ શરણાગતિનું સૂત્ર. પછી પૂ.બાપજીએ કહ્યું કે સાબરમતી આવો ત્યારે યાદ રાખીને ચાટણ (ચ્યવનપ્રાશ) લેતા આવજો. એટલે બચુભાઈએ કહ્યું કે એ તો બાપજી હું લાવ્યો જ છું. પૂ.બાપજી

અતિશય પ્રસન્ન થયા. અંગૂઠો અને અનામિકાને ભેગી કરી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી.

સેવકના-શિષ્યનાં ત્રણ પ્રકારઃ ગુરુ કહે છતાં ન કરે તે નિમ્ન કક્ષાનો શિષ્ય. ગુરુ કહે એટલે કરે તે મધ્યમ કક્ષાનો શિષ્ય અને ગુરુ કહે તે પહેલાં કરે એ ઉત્તમ કક્ષાનો શિષ્ય. પૂ.બાપજીને તરસ લાગે અને પાણી પીવાની ઈચ્છા થાય ત્યારે એ હજી બોલે એ પહેલાં જ બચુભાઈ પૂછેઃ બાપજી! પાણી પીવું છે? ગુરુમહારાજનું સતત સ્મરણ થતું હોય અને ચિત્તશુદ્ધિ હોય તો જ ગુરુમહારાજના મનમાં અને હૃદયમાં જે વિચાર આવે તેની શિષ્યને ખબર પડી જાય.

## યાદ કરે અંતે અવધૂત, એને હું શું આપું મૂર્ત?

પૂ.બાપજી અમદાવાદથી જયપુર-દિલ્હી થઈ હરિદ્વાર ગયા. બચુભાઈએ ડૉ. રતિભાઈ પંડ્યાને પોતાનું સરનામું કરેલા પોસ્ટકાર્ડ અને ઈન્લેન્ડ આપી રાખેલા, જેથી પોતે લખેલા પત્રનો જવાબ લખવા માટે રતિભાઈએ પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડની વ્યવસ્થા કરવી ના પડે. મુ. બચુભાઈ પત્ર લખે તે પત્ર મુ. રતિભાઈ પૂ.બાપજીને વાંચી સંભળાવે અને એ સાંભળીને પૂ.બાપજી મૂછમાં હસે તો એ વાત રતિભાઈ પત્રમાં લખી જણાવે.

પૂ.બાપજી તા. ૧૯-૧૧-૧૯૬૮ના રોજ રાત્રે બ્રહ્મલીન થયા. એના ચાર દિવસ પહેલા એટલે તા. ૧૫-૧૧-૧૯૬૮ના રોજ મુ. રતિભાઈએ લખેલા પત્રમાં એમણે જણાવેલું કે “ગુંજનો

પ્રોગ્રામ તબિયત બરાબર નહિ હોય તો કેન્સલ કરી લીંચ આવવા ધારે છે. પછી માંડવા જશે." પૂ.બાપજીએ વાતવાતમાં મુ. રતિભાઈને કહ્યું કે ચાલો આપણે લીંચ જઈએ. મોરટક્કામાં પૂ.બાપજીએ સુમનભાઈને કહેલું કે એને હું શું આપું? ભગવાન એનું ભલું કરે. પૂ.બાપજી જાણતા હતા કે એનો ભગવાન કોણ છે.

## અતિથિ ધર્મ બજાવે ઘર તેથી રહે પ્રસન્ન ગુરુવર :

મુ. બચુભાઈને સને ૧૯૮૧માં 'પ્રેમ અવધૂત' એવું નામ આપ્યું અને પરિવારમાં પ્રેમ અવધૂતજી તરીકે લોકોની વચ્ચે જતા થયા. પછી એમના પ્રેમને કારણે, સરળ સ્વભાવને કારણે કે એમના દ્વારા થતા કામોને કારણે લોકોની લીંચમાં અવરજવર વધી ગઈ. જે કોઈ લીંચ આવે તેને મહદંશે મુ. મધુબા જાતે પાણી આપે. વ્યક્તિ ઉપર જઈને પૂ. પ્રેમ અવધૂતજીને મળે એટલે થોડી વારમાં એને માટે સવારનો સમય હોય તો ચા કે લીંબુનું શરબત તૈયાર થાય. બપોરનો સમય હોય તો ભોજનની વ્યવસ્થા થાય અને સાંજ હોય તો ચા-નાસ્તો કે શરબત-નાસ્તો હોય. આવી સરભરા સામાન્યતઃ બીજે જોવા ના મળે. પૂ. પ્રેમ અવધૂતજીની સરળતાનો થોડો દુરુપયોગ પણ થવા લાગ્યો. અગાઉથી કહ્યા વગર અચાનક જ પાંચ-છ જણા દર્શને આવી જાય. દૂરથી આવ્યા હોય અને જમવાનો સમય હોય એટલે સ્ત્રીવર્ગ પોતાને માટે રાંધેલું હોય તે મહેમાનોને પીરસી દે. પોતાને માટે ખિચડી-શાક બનાવી દે. ઘણી વાર તો એવું બને કે આ ખિચડી-શાક તૈયાર થાય એટલામાં બીજા

દર્શનાર્થી આવી ચઢે. એ ખિચડી-શાક ખાઈ લે. ઘરનો સ્ત્રીવર્ગ બટાકાપૌંઆ કે એવી વસ્તુથી ચલાવી લે.

માણસોના વણઝારની મહેમાનગતિ અને તે પણ હસતે મોંએ તમને કદાચ કેવળ લીંચમાં જ જોવા મળે. અતિથિધર્મનું પાલન ગુરુમહારાજની સેવારૂપે થતું અને તેથી ગુરુમહારાજ ખૂબ પ્રસન્ન રહેતા. મહેમાન નાના બાળકને માટે કોઈ ભેટ કે મીઠાઈનું પેકેટ લાવે તો પણ તે સ્વીકારાય નહીં. તમારે એ ઉપર જ લઈ જવું પડે.

## રંગ કરાવે પ્રેમ પ્રવાસ પરદેશે ફેલાવે સુવાસ :

પૂ. પ્રેમ અવધૂતજી પોતે લીંચ જેવા નાના ગામડાના ભક્ત. અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ. ભોળા અને સરળ. એવી વ્યક્તિ પરદેશ જવાનો વિચાર પણ કેવી રીતે કરે? પૂ. રામકૃષ્ણ પરમહંસ ભણેલા નહિ પણ એનો શિષ્ય વિવેકાનંદ સુશિક્ષિત. ગુરુની કૃપાથી શિષ્ય અમેરિકાના શિકાગો શહેરમાં જઈ ભારતીય સંસ્કૃતિનો જયજયકાર કરાવી આવ્યો. એનાથી વિરુદ્ધ શિક્ષિત અને અતિ વિદ્વાન ગુરુ પૂ. રંગ અવધૂતજીનો શિષ્ય પૂ. પ્રેમ અવધૂતજી ગુરુકૃપાથી અમેરિકાના શિકાગો શહેરમાં સને ૧૯૮૯માં પહેલી વાર ગયો અને પછી તો અનેક વાર અમેરિકા તથા કેનેડા ગયા. પરંતુ પરદેશમાં જઈને કેવળ પૂ. રંગ બાપજીના મિશનનું કામ જ કર્યું. પોતાના ઘરની વ્યક્તિ માટે કોઈ પાસેથી કોઈ ભેટ સ્વીકારી નહિ. ગમે એટલી નજીકની વ્યક્તિ સાથે પણ આ નિયમ અકબંધ પાળી બતાવ્યો.

પરદેશમાં અમેરિકન ભક્તો સાથે પણ એટલા પ્રેમથી વર્ત્યા કે એ બધા લીંચ આવવા લાગ્યા. એક-બે ભાઈઓ તો પૂ. પ્રેમ અવધૂતજીના હાથે યજ્ઞોપવિત ધારણ કરતાં થયા. કેનેડામાં નાના બાળકો અને યુવાનોનું સંગઠન થયું અને બધા દત્તબાવની, ભજનો અને પારાયણ કરતાં થયાં. પૂ.બાપજીના સાહિત્યનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવ્યું. પરદેશના પ્રવાસ દ્વારા પરદેશમાં પૂ. રંગ બાપજીની સુવાસ ફેલાવી દીધી. લંડનમાં પણ પૂ. રંગબાપજીને જ કેન્દ્રમાં રાખી એમની ભક્તિ તરફ બધાને દોર્યા. પૂ.બાપજીના ફોટા જ રાખવાનો આગ્રહ રાખતા. ભક્તની ઈચ્છાને વશ થઈ પોતાનો એક નાનો ફોટો મૂકવા દેતા. ગુરુમહારાજને કેન્દ્રમાં રાખી જીવ્યા અને બધાને જીવતાં શીખવાડ્યું. આ બધું દિલથી કરતાં, કેવળ કહેવા ખાતર કે બતાવવા ખાતર નહીં. અને તેથી જ પોતે દેહત્યાગ કર્યો ત્યારે પોતાના દેહની સાથે જ પોતાની પાદુકા અને દંડના પણ અગ્નિસંસ્કાર થયાં.

**"થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો."**

પૂ. પ્રેમ અવધૂતજીનો એક ઉપદેશઃ "જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે." એટલે જીવનમાં થોડું તો થોડું પણ સાચું હોય તે જ કરજો અને કર્મ કરતી વખતે પૂ.બાપજીને ગમે એટલું જ કરજો. એમનું પોતાનું જીવન આ પ્રમાણેનું હતું. બાપજીને ગમે તે કરવું, ના ગમે તે ના કરવું.

મારા જીવનમાં પૂ. પ્રેમ અવધૂતજીનો પ્રવેશ ઈ.સ. ૧૯૮૨માં થયો. એક વાર લીંચ જતા ભક્તને મેં કાગળ

લખી કોલેજના કવરમાં મૂકીને આપ્યો. એમનો જવાબ આવ્યો ત્યારે પહેલું વાક્ય હતુંઃ કોલેજનું કવર વાપરવાનો તમને અધિકાર હોય છે? પછી એમણે રૂબરૂમાં જણાવ્યું કે તમારે ઘરે આવતી કંકોત્રી કે અન્ય પરબિડીયા સાચવી રાખી એમાં પત્ર લખી મોકલવો. માટલામાં ભરેલું પાણી ધીરે ધીરે ઝરપીને માટલું ખાલી થઈ જાય તેમ આવી નાની-નાની વાતો દ્વારા જ જીવનનું પુણ્ય વહી જતું હોય છે. કોલેજની અથવા અન્ય કોઈની પણ વસ્તુ વાપરવી નહિ.

આપણો જીવન વ્યવહાર શુદ્ધ કરતા જવું જેથી પૂ.બાપજી વિશે લોકો સારો અભિપ્રાય બાંધે. ભક્ત આટલો પ્રામાણિક છે તો એનો ગુરુમહારાજ તો કેટલો પ્રામાણિક હશે? નાની નાની બાબત ઉપર નજર રાખતા અને નજર રાખવાનું કહેતા. પૂ.બાપજીના ભજનની પંક્તિ કહી બતાવતાઃ

કરની બિન કથનીકી કીમત કૌડી જાન બજારો હૈ ।
બિન કથની કરની કર બંદે ઉધરે સંત હજારો હૈ ॥

"પરનો વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે" એવું સૂત્ર પણ આપેલું. પૂ. રંગ બાપજીએ કહેલું કે "અન્યને ઉપાધિરૂપ ન થવાય એવું જીવવું એ જ સત્કર્મ." આમ, આપણો વિચાર પછી, બીજાનો વિચાર પહેલા કરવાનો.

## રંગ કૃપાથી દુઃખ હરી લીધું, હીર ઋજુલને જીવન દીધું :

નવાપુર (મહારાષ્ટ્ર)માં સુમનભાઈ શાહ નામના એક રંગભક્ત. એમના ત્રણ દીકરા પૈકી નાના દીકરા બકુલભાઈના

જીવનનો પ્રસંગ છે. બકુલભાઈની પત્નીનું નામ અંજુબહેન. અંજુબહેનને હાઈ બ્લડપ્રેશરની તકલીફ. સને ૧૯૮૬ના ફેબ્રુઆરી માસમાં એમણે અમદાવાદની એક હૉસ્પિટલમાં પુત્રને જન્મ આપ્યો. પુત્રનું વજન ઘણું ઓછું અને સમય પહેલાં (Pre-mature) એનો જન્મ થયેલો. એને ડૉ. નવીનભાઈ પટેલની બાળકોની હૉસ્પિટલમાં ઈન્ક્યુબેટરમાં રાખવો પડ્યો. અંજુબહેનને સિઝરિયન કરેલું એટલે ઘેનમાં હોવાથી એણે બાળકને જોયેલું નહિ. આ પરિસ્થિતિને હલ કરવી કેવી રીતે? મેં અને બકુલભાઈએ વિચાર્યું કે બાળકનો ફોટો લઈએ. એટલે કાંઈ થઈ જાય તો કમસેકમ ફોટો જોઈને તો પોતાનું બાળક કેવું હતું તેનો ખ્યાલ મળે! બકુલભાઈના મોટા ભાઈ કનકભાઈ અમદાવાદ મ્યુનિ. કોર્પો.માં નોકરી કરતા હતા. બાપજી ઉપર ભારે વિશ્વાસ. દત્તબાવનીના પાઠો કર્યા કરે.

એવામાં પૂ. પ્રેમ અવધૂતજી મારા ઘરે પધાર્યા. બીજા એક-બે ઘરે જઈને લીંચ પરત જવાના હતા. મુ. સુમનભાઈએ મને કહ્યું કે તમે પૂ. પ્રેમ અવધૂતજીને વિનંતી કરો કે હૉસ્પિટલમાં આવી બાળકને આશીર્વાદ આપે. અંજુબહેન માટે હવે બીજા બાળકને જન્મ આપવાનું અશક્ય જેવું હતું. મેં કહ્યું કે તમે બાપજીના ભક્ત છો. તમને ઓળખતા જ હશે. તમે જ વાત કરો. મારા ઘરે સુમનભાઈ અને એમના બંને દીકરા આવ્યા. પૂ. પ્રેમ અવધૂતજીને વિનંતી કરી. એમણે હા કહી એટલે એ લોકો તૈયારીમાં લાગી ગયા. મુ. સુમનભાઈ મારી સાથે રહ્યા. અમારા ઘરેથી નીકળીને અમે બધા પાસેની તેજેન્દ્ર સોસાયટીમાં રતિભાઈ પટેલને ત્યાં

ગયા. ત્યાંથી નીકળીને શિવુભાઈ ત્રિવેદીને ત્યાં જીવન સ્મૃતિ સોસાયટીમાં ગયા. ત્યાં કાર્યક્રમ હતો તેથી પૂ. પ્રેમ અવધૂતજી ત્યાં ગયા હતા. દત્તબાવની પૂરી થઈ અને આરતી ચાલુ થઈ એટલે પૂ. પ્રેમ અવધૂતજીએ મને બોલાવીને કહ્યું કે તમે સુમનભાઈને કહી દો કે આજે હૉસ્પિટલ જવાનું મુલતવી રાખ્યું છે. પૂ. પ્રેમ અવધૂતજીએ કહ્યું કે તમારા ઘરેથી નીકળતાં આવી સ્ફૂરણા થયેલી.

હું નિરાશ થઈ ગયો. મુ. સુમનભાઈને વાત કરું એટલે એ પણ હતાશ જ થવાના છે, તો એ વાત કરવામાં ઉતાવળ શું કામ? બધું પતે એટલે કહું છું. આરતી પત્યા પછી પ્રસાદ વહેંચાય એ પહેલાં પૂ. પ્રેમ અવધૂતજીએ મને ફરી બોલાવીને કહ્યું કે "મને પરિણામની બીક નથી, પરંતુ તમારા ઘરેથી નીકળતા સ્ફૂરણા થયેલી એટલે ૨૧ દિવસ પછી વિચારીશું. આમ છતાં તમે કહો તેમ." મેં કહ્યું કે "ભાઈ! આજે જ." અમે પૂ. પ્રેમ અવધૂતજીને ત્યારે ભાઈ કહેતા. મેં બાળક વિશે એક જ્યોતિષ મિત્રને પૂછેલું ત્યારે એમણે ૨૧ દિવસ પછી વાત કરીશું એમ કહ્યું હતું. આમ, ૨૧નો આંકડો મને ગભરાવી ગયો. પૂ. પ્રેમ અવધૂતજી સાથે અમે હૉસ્પિટલ ગયા. એમણે પૂ. રંગ બાપજીને પ્રાર્થના કરી હશે અને પોતાની સંકલ્પશક્તિનો ઉપયોગ પણ કર્યો હશે, પરંતુ પરિસ્થિતિ ધીરે ધીરે બદલાતી ગઈ. અમદાવાદથી કોઈ ભક્ત લીંચ જાય તો અચૂક કહે કે કુલીનભાઈને કહેજો કે પેલા બાળકના સમાચાર જણાવે. દરિયાના તોફાનમાં સપડાયેલી નૈયા હાલક-ડોલક કરતી કિનારે પહોંચી ગઈ. આજે તો ઋજુલ ૨૭ વર્ષનો છે અને એના ઘરમાં એક બીજો નાનો ઋજુલ રમે છે. આમ છતાં

પૂ. પ્રેમ અવધૂતજી તો એમ જ કહે કે જો કંઈ પણ થયું હોય કે કોઈએ પણ કાંઈ કર્યું હોય તો તે રંગ બાપજીએ જ કર્યું છે. મેં તો કેવળ પ્રાર્થના કરેલી.

ઈ.સ. ૧૯૮૯ના ઓક્ટોબર માસમાં મારી દીકરી હેતલે દીકરાને જન્મ આપ્યો. એ દીકરો તે જ હીર. એ પણ Pre-mature (પ્રી-મેચ્યોર) અને વજન ૧ થી ૧।। કિલો. એને પણ ઈન્ક્યુબેટરમાં-પેટીમાં રાખવો પડેલો. વડોદરાની હૉસ્પિટલમાં ડિલિવરી થયેલી. રોજ રોજ નવા નવા પ્રશ્નો. બધા ગભરાય. લીંચ પૂ. પ્રેમ અવધૂતજીને ફોન દ્વારા જાણ કરીએ. એ એમનું કામ કરે અને અમે અમારું કામ કરીએ.

છઠ્ઠે દિવસે રાત્રે ખેંચ આવી અને દાક્તરે કહ્યું કે "કન્વલ્ઝન" શરૂ થઈ ગયા છે. આ બાળક કલાક-દોઢ કલાકથી વધારે નહિ કાઢે. તમને એમ લાગે કે હવે અંતઘડી નજીક છે તો પગને તળિયે આંગળીથી ટકોરા મારી રડાવવાનો પ્રયત્ન કરજો.

બધા પરિસ્થિતિની ગંભીરતા સમજી દત્તબાવની, અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્ર વગેરે કરવા લાગ્યા. ધીરે ધીરે રાત પસાર થઈ અને પછી તો અનેક પ્રશ્નોને હલ કરતાં કરતાં અમે અમદાવાદ આવ્યા.

પરંતુ આ જ સમયે પૂ. પ્રેમ અવધૂતજી પણ ગંભીર માંદગીમાં સપડાયા હતા. દાક્તરે હૉસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી. પણ એમના મોટા દીકરા ભરતભાઈએ કહ્યું કે એ તો હેતલબહેનનો બાબો સાજો થશે એટલે બાપુજી પણ સાજા થઈ જશે.

આજે તો હીર ૨૩ વર્ષનો થયો છે. બી.એ. સુધીની બધી પરીક્ષા એણે પહેલી ટ્રાયલે પાસ કરી છે. સ્કેન પોઈન્ટ જીઇઓ મેટીક્સ લિ. નામની સંસ્થામાં નોકરી કરે છે. પરીક્ષા વખતે પણ પૂ. પ્રેમ અવધૂતજીની હર પળની મદદથી જ એના પુરુષાર્થને સફળતા મળી.

પછી તો હસવામાં નારણપુરા પરિવારના ભક્તો પૂ. પ્રેમ અવધૂતજીને કહેતા કે અમે તો હીરની તબિયત જોઈને તમારી તબિયતનો ખ્યાલ મેળવી લઈએ છીએ.

પૂ. પ્રેમ અવધૂતજી કહેતાં કે મેં બાપજીને પ્રાર્થના કરી હતી એ કબૂલ, પણ જે કંઈ થયું છે તે કરનાર તો રંગ બાપજી જ છે.

આ હીર-ઋજુલના જીવનના ઘણા બધા પ્રસંગોમાં એમણે પોતાની સંકલ્પશક્તિથી, દિવ્યશક્તિથી પ્રાર્થના કરીને એમનું રક્ષણ કર્યું છે. પરંતુ કરનાર વ્યક્તિ કહી બતાવતો નથી.

બડો બડાઈ ના કરે, મુખસે કહે ના બોલ
હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ

પૂ. પ્રેમ અવધૂતજીના ૮૦મા વર્ષ પ્રસંગે પ્રકાશિત થએલા ગ્રંથ "માનવતાની મહેંક"માં એમના અનેક ચમત્કારિક પ્રસંગો છે, પણ એ તો એમનો જશ રંગ બાપજીને જ આપે છે.

## નિર્મળ હૈયું નિર્મળ વાણી નયને પ્રેમતણી સરવાણી :

"સત્ય કડવું હોતું નથી, સત્ય કહેવાની રીત કડવી હોઈ શકે" એવું પૂ. પ્રેમ અવધૂતજી કહેતાં. તમે સાચી વાત વ્યક્તિને

ખાનગીમાં સારા શબ્દોમાં પ્રેમથી કહો તો તે સત્ય કડવું બનતું નથી. એમની આંખમાં પ્રેમની સરવાણી ફૂટતી એટલે ગમે તે વ્યક્તિ એમને દુઃખની વાત કહી શકતી. વાણીમાં નિર્મળતા અને મીઠાશ બંને. હૈયામાં રાગ-દ્વેષનું પ્રમાણ નહિવત્. કોઈની ટીકા-ટિપ્પણીમાં રાજીપો અનુભવે નહિ. સિદ્ધાંતને જાળવીને પણ સામી વ્યક્તિને સંતોષ આપે. દુઃખિયારાની પડખે જઈને ઊભા રહે. એમાં ધર્મની રૂઢિચુસ્તતા નહિ. માનવતા એ જ મહત્ત્વની વાત. માનવસેવા એ જ માધવસેવા.

એક વાર મારી દીકરી હેતલનો હીર ખૂબ માંદો. પૂ. પ્રેમ અવધૂતજી ભાગવત વિદ્યાપીઠ, સોલા રંગમંદિરે એક કાર્યક્રમમાં પધારવાના હતા. સૌ. અંજની અને ચિ. હેતલની ઈચ્છા પૂ. પ્રેમ અવધૂતજીને ઘરે બોલાવવાની હતી. મેં ના કહી. તમારી ઈચ્છા હોય તો તમને સોલા રંગમંદિરે લઈ જવાની હું વ્યવસ્થા કરું. બંનેની આંખમાં આંસુ આવી ગયા. મેં મનને સમજાવ્યું. પૂ. પ્રેમ અવધૂતજીને ફોનથી ઘરે આવવા નિમંત્રણ આપ્યું. તેઓ પધાર્યા. માંદગીની ગંભીરતા જોઈ એમણે કહ્યું કે મને રોજ સવાર-સાંજ સમાચાર આપજો. જતી વખતે રડતાં રડતાં હેતલે કહ્યું: “ભાઈ! તમને બહુ તકલીફ આપી.” ત્યારે પૂ. પ્રેમ અવધૂતજી બોલ્યા: “અરે ગાંડી! તારા હીર માટે તો જરૂર પડે તો લીંચથી ચાલતો પણ આવું.” નિર્મળ વાણીથી સામેના જીવને ટાઢક થાય એવું કરી શકાય. કટુવાણી દુઃખિયાને આપઘાત કરવા પ્રેરે જ્યારે નિર્મળવાણી આપઘાત કરવા જનારને પાછો વાળે.

## વિચાર ઊંચા, જીવન સાદુ એવું જીવે સાચો સાધુ :

પ.પૂ. રંગ અવધૂત મહારાજ એમણે રચેલી પ્રશ્નોત્તરમાલામાં પહેલો પ્રશ્ન કરે છેઃ

કઃ સાધુઃ? સાધનવાન્ । માલામુદ્રાદિ શોભિતો નૈવ ।
સાધુ કોણ? સાધનવાળો, માળામુદ્રા વગેરેથી શોભતો નહિ.
સાધન કરે તે સાધુ. સીધુ ઉઘરાવે તે સાધુ નહિ.

Simple Living and high thinking- જીવન સાદુ પણ વિચારો ઊંચા, એ સાચા સંતના લક્ષણો. સાચો સંત બીજાને હેરાન ન કરે, બીજા માટે હેરાન થાય. એટલે જ સંતોને યાદ કરીને લોકો આંસુ સારે છે.

જીવનની ધન્યતા : કોઈ આપણા માટે રડે.
જીવનની કરુણતા : કોઈ આપણા કારણે રડે.

પૂ. પ્રેમ અવધૂતજીનું ખાવાનું-પહેરવાનું સાદું અને સાત્ત્વિક. કોઈ ઠઠારો નહિ. એમને જોઈને ઘણાંને એમની આધ્યાત્મિક ઊંચાઈનો અંદાજ નહિ આવે. સામાન્ય વ્યક્તિ બનીને જીવે. બધા સાથે હળીમળીને રહે. ન બોલાવનારને બોલાવે. જેણે એમનું હડહડતું અપમાન કર્યું હોય તેના ઘરે જવામાં સંકોચ ન અનુભવે. મારા સ્વભાવમાં આવું નહિ એટલે મને ખાસ કહે કે “એના ઘરે જઈ આવ્યો એટલે મારા મનમાંથી એ જતો રહે.” ઘણી વાર પૂછે કે આના કાર્યક્રમ અંગેનું આમંત્રણ સ્વીકારું કે કેમ? હું જઉં કે નહિ જઉં? મારી કદાચ પરીક્ષા કરતા હશે અથવા મને ઘડતા હશે. પછી

અંતે કહે કે, જીવનમાં ગાંઠ છોડવાની એટલે મરતી વખતે હેરાન ન થવાય.

એમની સરળતાને કારણે દુશ્મન પણ દોસ્ત બને. પૂર્વજન્મની પુણ્યાઈ, ગ્રામ્ય જીવન અને પવિત્ર માતા-પિતાના સંસ્કાર બધાને કારણે આવી સરળતા આવે. એને કારણે પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજી (દાદાજી) એમનો ચરણસ્પર્શ કરે. એમને રંગ અવધૂત માનીને પ્રેમ કરે. દાદાજી મને હંમેશાં કહેઃ "કુલીનભાઈ! આવો આત્મા આપણને બીજી વાર નહિ મળે." પૂ. સ્વામી વિદિતાત્માનંદજી પણ એમની શુભેચ્છા ચાહે. સૂફી કવિ અને સંત પૂ. મકરંદભાઈ દવે કહેઃ

"સંત ના મળે તો સારું.
જો મળે તો વિખૂટા ના પડે તો સારું.
અને જો વિરહ થાય તો તેના કરતાં પ્રાણ જાય તો સારું."

પૂ. મકરંદભાઈએ પૂ. પ્રેમ અવધૂતજી માટે કહેલું કે "એ તો દેવપુરુષ છે. સીધા, સરળ અને જ્ઞાની છે. એમના જેવી વ્યક્તિઓ ગુજરાતમાં ઓછી છે. એમની પાસેથી મને જે જાણકારી મળી એની જાણકારી મને ન હતી. એઓશ્રી ખૂબ પહોંચેલા સંત છે.

મહર્ષિ અરવિંદના શિષ્ય અને દ.ગુજ.યુનિ.ના ભૂતપૂર્વ કુલપતિ શ્રી અશ્વિનભાઈ કાપડિયા એમને Demi God કહે છે. તેજસ્વી અને તેજ સ્વભાવના રંગભક્ત અને હવે સંતરૂપે વિરાજતા પૂ. સપ્રે ગુરુજી એમને પૂ. રંગ અવધૂત સમકક્ષ જ ગણે છે.

વડોદરાના રંગ પરિવારના અતિ વિદ્વાન અને રાષ્ટ્ર સંમાનિત ડૉ. શ્રી અરુણોદય જાનીના ૮૦મા વર્ષે પૂ. સપ્રે ગુરુજીએ યોજેલા કાર્યક્રમમાં પૂ. પ્રેમ અવધૂતજી ગયા ત્યારે બંને સંતો પરસ્પર પહેલી વાર મળ્યા, પરંતુ પ્રથમ દર્શને પ્રેમ- "Love at first sight" જેવું થયું.

### રંગ પ્રેમમાં કુલીનગણુ ડૂબી જાતાં પામે ઘણું :

સાંસારિક પ્રેમ અને દિવ્ય પ્રેમનો તફાવત શું? સાંસારિક પ્રેમના સાગરમાં તરવું મુશ્કેલ, ડૂબવું સહેલું. દિવ્ય પ્રેમસાગરમાં એનાથી ઊંધું. કવિ કહે છેઃ

**તરી જાવું ઘણું સહેલું, છે મુશ્કીલ ડૂબવું જેમાં.**

પરંતુ જે વ્યક્તિ આ દિવ્ય પ્રેમસાગરમાં ડૂબી ગયો એ જ તરી ગયો. ઘણું ઘણું પામી ગયો.

### ઘર જીવન તીરથ બને આનંદ મંગલ થાય :

સાખીની આ પંક્તિનું પ્રેરણા બળ પૂ. પ્રેમ અવધૂતજી છે. તમારી ભક્તિ એવી હોવી જોઈએ કે જેથી તમારું જીવન તીર્થરૂપ બની જાય અને તમારું ઘર તીર્થરૂપ બની જાય. ઈ.સ. ૧૯૬૮ એટલે કે સંવત ૨૦૨૪ની જન્માષ્ટમીએ પૂ. રંગ અવધૂતજીનો મુકામ વિદ્યાનગર પાસેના બાકરોલમાં ડૉ. કાંતિભાઈ વ્યાસને ત્યાં હતો. પૂ.બાપજીના નજીકના ભક્ત પ્રા. નારણભાઈ પટેલે કહ્યું કે બાપજી! અમારા વિદ્યાનગરમાં બધું છે, પણ મંદિર નથી. પૂ.બાપજીએ તરત જ કહ્યું કે **ઘરને મંદિર બનાવો.**

જીવનનો વ્યવહાર શુદ્ધ કરો- ભક્તિથી ભરો- તો પછી જીવન અને ઘર બંને તીર્થ બને. જો જીવનનો વ્યવહાર અશુદ્ધ હશે તો ઘરમાં અશાંતિ હશે અને ધરતીનો છેડો ઘર અને ઘર એટલે 'હાશ'નો અનુભવ એવું તમને નહિ મળે. જીવન અને ઘરમાં શાંતિ ન હોય તો એવી વ્યક્તિની ભક્તિ એ ભક્તિ નથી, ભાગેડુવાદ (Escapism) છે. બધાં સાથે હળીમળીને પ્રેમથી રહો અને ભક્તિ કરો. પ્રેમ એ જ પરમેશ્વર.

પ.પૂ. રંગ અવધૂત મહારાજની આપણા સૌ પર એવી કૃપાવર્ષા વરસો અને પૂ. પ્રેમ અવધૂતજીના એવા શુભાશીર્વાદ ઊતરો કે આપણે આજે નહિ તો કાલે, આ જન્મે નહિ તો આવતા જન્મે પણ રંગ-પ્રેમના સાગરમાં ડૂબી જઈએ.

અંતે પ્રેમ અવધૂતજીએ આપેલા પ્રેમના પંચશીલનું સ્મરણ કરી વિરમીએ.

- પ્રેમથી જીવો.
- પ્રેમમાં જીવો.
- પ્રેમને જીવો.
- પ્રેમ આપો તો પ્રેમ મળશે.
- કદાચ સામેથી પ્રેમ નહિ મળે તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશે જ.

આ છે પ્રેમ સંદેશ : પ્રેમ પંચશીલ.

**અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

* * *

# આ લીંચ તે ડાકોર

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રીરણછોડ.
ભક્ત ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદ-કિશોર. ...આ લીંચ.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ '**મિનિ નારેશ્વર**' એ રંગાના બોલ. ...આ લીંચ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, **બચુભાઈને**[1] કહેવા લાગ્યાં,
'બોડાણા સમ મંતર મારો, સુવું તાણીને સોડ'. ...આ લીંચ.

ભક્ત[2] પૂછે 'પ્રભુ હશો ન જ્યારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?'
લીંચ જજો ત્યાં શાંતિ મળશે એ રંગાનો કોલ. ...આ લીંચ.

હરિદ્વારમાં રતિભાઈને[3], રંગ પૂછે શું આપું એને?
ભલું કરે ભગવાન જ એનું, દે આશિષ અમોલ. ...આ લીંચ.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
**રંગ-પ્રેમ** તો **કુલીન ગણુ**ની કાળજડાની કોર. ...આ લીંચ.

* * *

---

૧. પૂ. પ્રેમ અવધૂતજીનું હુલામણું નામ. ૨. ડૉ. શ્રીરામ ભોંસલે.
૩. ડૉ. રતિભાઈ પંડ્યા.

# તીર્થધામ લીંચ

નાનું ને નાનકડું લીંચ તીર્થધામ,
અવધૂત શ્રીરંગનું ગોકુળીયુ ગામ,
**પ્રેમ-કૃપા-શાંતિ**નો હોય જ્યાં મુકામ. .અવધૂત શ્રીરંગનું.

ભલા ભોળા માનવીના હૈયામાં પ્રેમ છે,
રંગ કેરા ચરણોમાં યોગ અને ક્ષેમ છે,
હાથે રંગ કામ અને મુખે રંગ નામ. .અવધૂત શ્રીરંગનું.

**રંગ** કહે ‘લીંચ મિનિ નારેશ્વર’ જાણો,
રંગે પૂર્યા પ્રાણ વાત સાચી એ માનો,
**પાપી ગણુ** લીંચ એ તો તારો વિશ્રામ. .અવધૂત શ્રીરંગનું.

* * *

# જાગો જાગો હે રણછોડરાયા!

જાગો જાગો હે રણછોડરાયા!
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ... ટેક.
તારા **પ્રેમ**ની લગાડી તેં માયા. ... રંગ ભક્તો.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ... રંગ ભક્તો.

**(ધૂનઃ ગોવિંદ જય જય ગોપાલ જય જય)**

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ... રંગ ભક્તો.

**(ધૂનઃ ડાકોરમાં કોણ છે? રાજા રણછોડ છે)**

સૂણો **પાપી ગણુ**ના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભકતો હરખાયા. ... રંગ ભક્તો.

**(ધૂનઃશ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે)**

(ડાકોર, ૬૩મી પ્રેમ જયંતી)

✻ ✻ ✻

## જેણે રંગચરણ સાચા સેવ્યા

જેણે રંગચરણ સાચા સેવ્યા,
એના ઘર જીવન મહેંકી ઊઠ્યાં.

દિલ રંગ ખુમારી સદા રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી,
આપી બીજાને થતો રાજી, એના હૈયાં ને મન મહોરી ઊઠ્યાં.
... જેણે.

જે સેવા કેરો ધર્મ ગ્રહે, ને ધર્મતણો જે મર્મ લહે,
નિષ્કામ ભાવથી કર્મ ચહે, એના પર **રંગ** આશિષ વરસ્યા.
... જેણે.

નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયનોમાં **પ્રેમ**ની સરવાણી,
સુખ-દુઃખમાં જ્યાં સમતા આણી, અંતરમાં અમૃત વ્હેણ વહ્યાં.
... જેણે.
**પાપી ગણુ** ભક્તિ આ સાચી, **'કરની બીન કથની'**[1] સૌ કાચી,
જો રંગ પદે તું રહે રાચી, તો જન્મમરણના ફેરા ટળ્યાં.
... જેણે.

✻ ✻ ✻

## પ્રેમ-રંગ-દત્ત

**પ્રેમ** હૃદયમાં રંગ બિરાજે,
**રંગ** હૃદયમાં દત્તા,
ૐ ગુરુ ૐ ગુરુ અલખ નિરંજન
જય જય જય અવધૂતા. (૨)
દત્તપ્રભુનો રંગ જ ન્યારો,
રંગ-પ્રેમ ભક્તિનો ક્યારો,
પ્રેમ-હૃદયાં રંગ ફૂવારો,
રંગ હૃદયમાં પ્રેમ ફૂવારો,
સઘળે પ્રેમની સત્તા. ... ૐ ગુરુ.
દત્ત રંગની કરવી ભક્તિ,
પ્રેમ થકી ઉભરાતી શક્તિ,
**પાપી ગણુ** કે' રંગ અનુરક્તિ,
પાડે પાસા ચત્તા. ... ૐ ગુરુ.

✻ ✻ ✻

૧. કરની બીન કથનીકી કીંમત કૌડી જાન બજારો હૈ (પૂ.શ્રીનું ભજન).

# મંગલ મનીષા

રંગને નમાવી શીશ, માગીએ એવા આશિષ,
પૂરણ મનીષા અમ થાય,
ઝાઝું જીવો વ્હાલા શ્રી પ્રેમ અવધૂતજી. ...ટેક.

પ્રેમ કેરા સાગરમાં ગાગર ઝબોળી અમે,
પાવન કરીશું અમ કાય. ... ઝાઝું.

નયનોમાં પ્રેમ છે, હૈયે સહુનું ક્ષેમ છે,
વાણી વર્તન સરળ જણાય. ... ઝાઝું.

સેવાનો ધર્મ ગ્રહે, ધર્મ તણો મર્મ લહે,
આચરણ શિખામણ થઈ જાય. ... ઝાઝું.

લીંચને ગોકુળ કર્યું, રંગાનું મનડું ઠર્યું,
રંગા આનંદમાં જણાય. ... ઝાઝું.

**રંગ** કહે **પાપી ગણુ**! ભલે જીવે '**બચુ**' ઘણું
**કુલીન ગણુ** તો હરખાય. ... ઝાઝું.

(અંબાજી, ૬૦મી પ્રેમ જયંતી)

* * *

# અંતરના ભાવને

અંતરના ભાવને ચરણે ધરું તો પછી,
હૈયું આ ખાલી થઈ જાય,
વિરહના દિવસો કેમ કરી જાય?

અક્ષર આ 'ઢાઈ'ની કેવી ચઢાઈ જુઓ,
મનડું તો મારું મૂંઝાય,

પલમાં પુનિત પદ પામે પંડિતનું
કરતો જ્યાં પ્રેમની પઢાઈ.

સ્નેહ કેરો સાગર તો નોખો-નિરાળો,
સમજ્યો ના કોઈથી સમજાય,

તરવાનું સ્હેલ જેમાં મુશ્કિલ છે ડૂબવું,
ધન ધન એ જે ડૂબી જાય.

પ્રેમ કેરા પાશથી પ્રેમ રહે પાસમાં,
આસપાસ પ્રેમ જ દેખાય,

કોડ થકી કોડિયું પ્રેમનું પ્રગટાવતાં,
પાપી ગણુ પાવન થઈ જાય.

(તા. ૧૩-૭-૧૯૯૯)

* * *

# ગુરુજીએ માળા પહેરાવી

ગુરુજીએ માળા પહેરાવી દીધી ડોકમાં
કાનમાં ફૂંકી દીધો મંતર.
પાઠપૂજા ભલે થાય કે થાય ના
ઠારજે કોકનું અંતર.
રંગગુરુ વંદના! પ્રેમગુરુ વંદના!! ... ટેક.

સાચી ને મીઠી સદા બોલજે તું વાણી,
હૈયામાં-નયનોમાં નેહની સરવાણી,
રાગ દ્વેષ છોડ કપટ, પ્રેમે ભરો અંતર. .રંગગુરુ.

આંખમાં અપેક્ષાની વૃત્તિ દેખાય ના,
સમરથનો બાળ છે એ વાત ભૂલી જાય ના,
માગીને જીવવાથી મરવું છે બહેતર. .રંગગુરુ.

આચરણ વિનાનું જ્ઞાન ભારરૂપ જાણજે,
રંગનું રમકડું થઈ દુનિયામાં મહાલજે,
રંગાનો પ્રેમ કરે કંકરને શંકર. .રંગગુરુ.

ગુરુજીએ કહેવાનું કહી દીધું કાનમાં,
**પાપી ગણુ** પ્રેમ થકી સમજી જા સાનમાં,
સઘળે નિહાળ રંગ, બહાર અને અંદર. .રંગગુરુ.

(તા. ૩૦-૬-૨૦૦૦)

✻ ✻ ✻

# વામનમાંથી વિરાટ

પકડી ગુરુસેવાની વાટ,
વામન બની જતો વિરાટ

ગુરુસેવાસમ સાધન નાહીં,
સઘળા સુખ ગુરુસેવા માંહી,
રંગ રહે રાજી, રાખી એવો ઉરમાં તલસાટ. .વામન.

હરતાં ફરતાં ગુરુનું ચિંતન,
તન-મન-ધન સહુ રંગ સમર્પણ,
અનન્ય નિષ્ઠા રાખી, જાણે ગુરુના મનની વાત. .વામન.

કરે સદા જે જેનું ચિંતન,
થાયે તદ્રૂપ લાગ્યું જ્યાં મન,
કીટ બને ચિંતનથી ભમરી, શિષ્ય તણી શી વાત? .વામન.

**પાપી ગણુએ** જોડ્યો નાતો,
**રંગ-પ્રેમ**માં નિશદિન ન્હાતો,
નારેશ્વરનો નાથ દયાળુ પ્રેમે ઝાલ્યો હાથ. .વામન.

(બહુચરાજી, ફરમી પ્રેમજયંતી)

* * *

# માગું હું તે આજ આપજો રે...

માગું હું તે આજ આપજો રે,
મારા રંગાજીના બાળ,
આપી દઈને લાજ મારી રાખજો રે,
મારા રંગાજીના બાળ.

વાડી, વજીફા વળી વૈભવ ના યાચતો,
નથી સુત-દારા કેરી આશ રે..વ્હાલા! માગુ હું.

અષ્ટ સિદ્ધિ કે નવનિધિ નથી જોઈતા
નથી સુખ સાગરની તલાશ રે..વ્હાલા! માગુ હું.

નથી મારે જોઈતું કે અંતઘડી સાચવો,
નથી પ્રભુદર્શન કેરી પ્યાસ રે..વ્હાલા! માગુ હું.

નથી વ્હાલા માગતો કે ફેરો મારો ટાળજો,
નથી ઈચ્છા તોડો માયાપાશ રે..વ્હાલા! માગું હું.

'તમને હું સમજું એવી સમજ' વ્હાલા આપજો,
જેથી તું થાય ના નારાજ રે..વ્હાલા! માગુ હું.

તને ગમે તે કરવું, ના કરવું ના ગમે તે,
**'પાપી ગણુ'**ની અભિલાષ રે..વ્હાલા! માગુ હું.

✻ ✻ ✻

# દેજો દેજો દિવસ વિરહના

દેજો દેજો દિવસ વિરહના, વિરહાગ્નિમાં બળવું,
અતિ પરિચયે થતી અવજ્ઞા એવું કાંઈ ના કરવું,
મારે એમાં પાર ઉતરવું.

નજરતણી કિંમત છે અંધને, મૂગાને વાણીની,
રણમાં તરસે મરનારને કિંમત છે પાણીની,
એવા તલસાટે ના ડરવું..મારે એમાં.

વિરહ હોય તો મઝા મિલનની, મઝા રાહ જોવામાં,
વસ્તુ મળ્યાનો આનંદ લેવા મઝા વસ્તુ ખોવામાં,
કરી ખિસ્સુ ખાલી, ભરવું..મારે એમાં.

બંધ આંખથી જોવા કેરો કરવાનો અભ્યાસ,
દૂર અભાગી જનને લાગે, પ્રેમીને તો પાસ,
એવા પ્રેમી થઈને ફરવું..મારે એમાં.

પ્રેમ પાઠ પઢવાના પ્રેમે, પાકી કર તૈયારી,
યોગ થાય જે વિયોગ કેરો, જાણ પરીક્ષા ભારી,
એમાં બસ! તારે તરવું..મારે એમાં.

**પાપી ગણુ!** તારી અકળામણ એને પણ અકળાવે,
તું બોલાવે, ના બોલાવે, તો પણ દોડી આવે,
મન પ્રેમચરણ જોતરવું..મારે એમાં.

* * *

# ✷ રંગ પ્રેમને દ્વાર! ✷

રંગ પ્રેમને દ્વાર!
મનવા! માન કહ્યું તું ચાલ,
તારો થાશે બેડો પાર. ... ટેક.

રાગદ્વેષના બંધન તોડો, રંગ રાગ દુનિયાના છોડો,
પ્રેમ રંગમાં રાખો થોડો, એ જીવનનો સાર. ... તારો.

રંગ રંગની રંગત ન્યારી, રંગ પ્રેમની સંગત સારી,
રંગ પ્રેમ ભક્તિની ક્યારી, સાચો એ સંસાર. ... તારો.

રંગ પ્રેમથી જોડો નાતો, પાપીગણુ તો એમાં ન્હાતો,
રંગ પ્રેમ જીવને ન મળે તો શું જીવ્યામાં સાર? ... તારો.

તા. ૨૧-૧૧-૧૯૯૯

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# પ્રેમપ્રશસ્તિ

પ્રેમ! આપની પાવડીના રણકારમાં
સંભળાયે પ્રણવોચ્ચાર.
રંગ પ્રેમ સ્નાન કરી
ધર્યો રંગનો પ્રેમનિધિ મુગટ.
ઓ કલાનિધિ!
એ તાજ ધર્યો જે આપે શિરે,
એનું એક પીછું તો આપો પળવાર.

***

પ્હો ફાટયો ને પ્રગટ્યો સૂરજ પૂર્વમાં,
પણ સૂર્યને પૂર્વ પશ્ચિમ રમવાની આદત છે.
મારા પ્રેમને  સૂર્ય કહેવાય... એના તેજથી.
પણ એ તો છે શીતલ ચંદ્ર જેવો.
એ પણ આવી જ રમત રમે છે અમારી સાથે...
હેતુ સારો છે પણ અમે અકળાઈએ છીએ તેનું શું?
આવ. આવ. હવે બહુ થયું.
ના ટટળાવ અમને.
તારા પ્રેમ પ્રકાશથી અમે ઉજળા, એ વિણ સૌ પાંગળા.
લાગે છે હવે તું પશ્ચિમી થઈ જવાનો.
કેમ અમારો પ્રેમ તને ઓછો પડે છે?
પ્રેમ પરિવારના અમે નાના શિશુ
રંગ પ્રેમમાં નાહીએ, પણ કોરાં કોરાં...
તું છે તો બધું છે.
તું નથી તો કશું જ નથી.

શ્રીમતી અંજની ઉપાધ્યાય
(માસ્તર)